૧

# સિદ્ધસેન દિવાકરસૂરિ
# જીવન અને સાહિત્ય સર્જન

મુનિ શ્રીકલ્યાણકીર્તિવિજયજી



શાસનસમ્રાટ ભવન ગ્રંથમાલા - ૧૦
(ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ-૨)

# સિદ્ધસેન દિવાકરસૂરિ :
## જીવન અને સાહિત્યસર્જન

: પ્રવચનકાર :
મુનિ શ્રીકલ્યાણકીર્તિવિજયજી

: પ્રકાશક :
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

સિદ્ધસેન દિવાકરસૂરિ : જીવન અને સાહિત્યસર્જન

વક્તા : મુનિ શ્રીકલ્યાણકીર્તિવિજયજી

પ્રવચન - સમય તથા સ્થળ :
માગસર વદિ ૭, સં. ૨૦૭૨,
તા. ૧-૧-૨૦૧૬, શુક્રવાર, સાબરમતી, અમદાવાદ

નિશ્રા : આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી મહારાજ

પ્રત : ૧૦૦૦

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશક : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
C/o. યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા
જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) - ૩૮૯૦૦૧

પ્રાપ્તિસ્થાન : ૧) સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨
૨) શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાયમંદિર
૧૨, ભગતબાગ, જૈનનગર, પાલડી,
અમદાવાદ-૭ ફોન : ૦૭૯-૨૬૬૨૨૪૬૫
૩) શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
શાસનસમ્રાટ ભવન, હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ-૪. ફોન : ૦૭૯-૨૨૧૬૮૫૫૪

મૂલ્ય : ₹ ૨૦૦-૦૦ (સેટ) એક પુસ્તકનું ₹ ૪૦-૦૦

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

# પ્રકાશકીય

અમારા પરમ ઉપકારી ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં, તેઓના શિષ્ય શ્રીવિજયશીલચન્દ્ર-સૂરિજીની પ્રેરણા અનુસાર સ્થાપવામાં આવેલા અમારા ટ્રસ્ટના ઉપક્રમે આજ સુધીમાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે.

તે શૃંખલામાં આજે આ પ્રવચનમાળાની પુસ્તિકાઓનો બીજો સંપુટ પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે, તે માટે અમો પૂજ્ય આચાર્યશ્રીના અત્યંત ઋણી રહીશું. વિશેષ કરીને, નવી શરૂ થયેલી 'શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળા'નાં પ્રથમ છ પ્રકાશનો અમારા ટ્રસ્ટના ઉપક્રમે થયાં હતાં. અને તે જ શૃંખલાનાં આગળનાં પ્રકાશનો પણ અમારા ટ્રસ્ટના ઉપક્રમે થાય છે, તેનું અમારે મન ઘણું ગૌરવ છે.

આ પ્રકાશનમાં શ્રીસાબરમતી-રામનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - અમદાવાદ તરફથી પોતાના જ્ઞાનખાતામાંથી ઉદાર આર્થિક સહયોગ મળ્યો છે, તે માટે તેઓનો પણ અમો આભાર માનીએ છીએ.

સુઘડ મુદ્રણ માટે કિરીટ ગ્રાફિક્સનો આભાર માનીએ છીએ.

લિ.
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા
-નો ટ્રસ્ટીગણ

# પ્રાસંગિક

સં. ૨૦૭૨ના વર્ષે માગસર માસમાં સાબરમતીરામનગરના શ્રીસંઘની વિનંતીથી ત્યાં જવાનો યોગ થયો. સંઘના મોભીઓની ભાવના હતી કે તમે સૂરત, વડોદરા વગેરે સ્થાને પ્રવચનમાળા ગોઠવી તેવી અમારે ત્યાં પણ ગોઠવો. અમારે સાંભળવું છે. એમની એ ભાવનાને અનુરૂપ અમે એક પ્રવચનમાળા ગોઠવી, અને બધા મુનિઓએ જે ભિન્ન ભિન્ન મહાપુરુષો વિષે પ્રવચનો આપ્યાં તે બધાં આ પુસ્તિકાઓના રૂપમાં હવે પ્રગટ થઈ રહ્યાં છે.

૨૦૭૧ના ચાતુર્માસમાં વડોદરા-અકોટા ઉપાશ્રયમાં પણ આવી પ્રવચનમાળા યોજાઈ હતી. અને કેટલાક વિષયો યથાવત્ રાખીને તે જ પ્રવચનમાળા સાબરમતીમાં પણ યોજાઈ. તે બંને સ્થાનનાં પ્રવચનોનું સંકલન આ પુસ્તિકાઓમાં થયું છે, અને તે રીતે એક સુંદર પ્રવચનશ્રેણિ તૈયાર થઈ છે.

પ્રવચનમાળાના બહાને આપણને મહાન જ્યોતિર્ધર પૂજ્ય પુરુષોના ગુણગાનની અનુપમ તક મળી તેનો ઘેરો આનંદ છે. સાથે જ અન્ય બાહ્યપ્રવૃત્તિરૂપ-અનુષ્ઠાનોને બદલે આવાં અન્તર્મુખતા વધારનાર અનુષ્ઠાનો પણ સફળ થઈ શકે છે તેનો અહેસાસ હૈયે છે જ.

આ પૂર્વે પ્રકાશિત થયેલા પ્રવચનમાળાના પ્રથમ સંપુટને ચતુર્વિધ શ્રીસંઘ તરફથી ઘણો જ આવકાર મળ્યો છે. અને અનેક જિજ્ઞાસુ જીવો તેના વાંચનથી લાભાન્વિત થયા છે. તેઓની ઘણા સમયથી તે પ્રકારના અન્ય પ્રકાશનો માટેની માંગણી હતી. જિજ્ઞાસુઓની એ શુભ ભાવનાનો પ્રતિસાદ આપ્યાના આનંદ સાથે.

આષાઢ, ૨૦૭૨ — - શીલચન્દ્રવિજય

# ભૂમિકા

વિજયશીલચન્દ્રસૂરિ

દેવાધિદેવ પરમકરુણાનિધાન શ્રીવીરવિભુના લોકોત્તર શાસનને અજવાળનારા - પ્રકાશમાન રાખનારા, રાગ, દ્વેષ અને અજ્ઞાનને આપણાથી વિખૂટા પાડીને આપણને નિરંતર વૈરાગ્ય અને વીતરાગતા તરફ આગળ દોરી જનારા એવા ગુરુ ભગવંતો, શ્રમણ ભગવંતો, આચાર્ય ભગવંતો આ શાસનમાં અસંખ્ય થયા છે. એમનું એક જ મિશન હતું : દયામય ધર્મ બધાને પહોંચાડવો અને રાગ-દ્વેષથી બધાયને ઉગારવા. આ સિવાય એમની પાસે કોઈ લક્ષ્ય ન હતું.

પરંપરામાં આવા અસંખ્ય મહાપુરુષો થયા. એક એક ભગવંતનું ચરિત્ર, એમના પ્રસંગ, એમના જીવનની અદ્ભુત ઘટનાઓની વાત કહો, ત્યારે પ્રશ્ન થાય કે કોની વાત કરવી અને કોને છોડી દેવા ? એકની વાત કરીએ તો બીજા એકસો ને એક હજાર રહી જાય છે ! બધાની વાત કેવી રીતે કરી શકાય ?

આ ભગવંતોની નિસબત તો જુઓ ! એમણે ક્યાંય પોતે કયા ગામના હતા, કયા વર્ષમાં જન્મ્યા હતા, ક્યારે દીક્ષા લીધી હતી, ક્યારે પદવી પામ્યા હતા, આવી કશી જ વિગત ક્યાંય નોંધી નથી; ક્યાંય તેના શિલાલેખો નથી કોતરાવ્યા કે કોઈ ગ્રંથમાં નોંધ્યું નથી ! પોતે ઇતિહાસ રચી ગયા જરૂર, છતાં તેમનો ઇતિહાસ ભાગ્યે જ લખાયો ! જે થોડોઘણો મળે છે તેમાં ઇતિહાસ આછો પાતળો અને વધુ દંતકથાઓ છે. એમાંથી એમના સ્કેચને આપણે દોરવાનો છે, ઉપસાવવાનો છે, અને એમાંની કેટલીક વાતો આજે આપણે વાગોળવાની છે.

આજનો આપણો વિષય છે - શ્રીસિદ્ધસેન દિવાકરજી ભગવંત. મહાન શ્રુતધર પુરુષ ! એમના ગુરુનો એક નાનકડો પ્રસંગ કહું :

આચાર્ય સ્કન્દિલસૂરિ ભગવંત ! વિહાર કરતાં કરતાં પોતે કોસલ નામે ગામમાં પધાર્યા છે. ત્યાં એક બ્રાહ્મણ, નામે મુકુંદ, મોટી ઉંમરનો - સાઠી વટાવી ગયેલો; એ વૈરાગ્યવાસિત થઈને એમની પાસે આવ્યો. ભગવંતને વિનંતિ કરી કે 'મને સંસારથી ઉગારો !'

ભગવંતે એને ઉગાર્યો. દીક્ષા આપી. હવે દીક્ષા લે એટલે ભણવું તો પડે જ. મોટી ઉંમરનાને દીક્ષા નહિ આપવાનાં ઘણાં કારણો, એમાંનું એક કારણ આ : એ ભણી ન શકે. અને અમુક તો ભણવું જ પડે, એમાં છૂટકો જ નહિ.

આ આધેડ નૂતન સાધુને પણ ભણવા બેસાડ્યા. ઓત-પ્રોત થઈ ગયા એ. ભણવા બેસે ત્યારે એવા લયલીન થઈ જાય કે પછી ગાથા ગોખે કે પાઠ કરવા માંડે ત્યારે ખ્યાલ ન રહે અને અવાજ મોટો થતો જાય ! પહેલાં ધીમે ધીમે બોલે, પણ પછી પોતાને પણ ખબર ન રહે અને છેક દરવાજા સુધી એમનો અવાજ પહોંચી જાય ! એ ગાથા બોલે એટલે બીજા બધા સાધુઓને અંતરાય પડે !

શબ્દ છે ને, એ અંતરાય કરાવે. ઘોંઘાટ થતો હોય તો સ્વાધ્યાયમાં મન પરોવાય નહિ. હું ઘણી વખત ઘોંઘાટ અને અવાજ માટે ટોકું છું. તમને લોકોને એમ લાગે છે કે મહારાજ શું આખો દહાડો 'અવાજ કરો છો, અવાજ ન કરો' – એવી ટકટક કરે છે ? પણ અવાજ એ અંતરાય છે. એ તમને - અવાજનો અંતરાય કરનારને અંતરાય કર્મો અને જ્ઞાનાવરણીય કર્મો બંધાવે છે. એટલે જ મહારાજ સાહેબ વાંચતાં-લખતાં હોય કે ભણતાં-સ્વાધ્યાય કરતાં હોય ત્યારે વંદન પણ મોટેથી કરવાની ના પાડી છે.

દાખલ થાય ત્યાંથી 'સ્વામી શાતા છેજી ?' ની રાડ પાડતા આવે. મોટેથી વંદન કરે, અને 'સ્વામી શાતા છેજી' એમ પૂછ્યા જ કરે. જવાબ ન આપીએ તો એનું વંદન અધૂરૂં રહી જાય બાપડાનું ! મહારાજ બિચારા દુઃખી દુઃખી ! એમ થાય મનમાં કે ટળે તો સારું ! આવે કે સવાલ પૂછે : 'વંદન કરૂં ? - જવાબ ન આપીએ તો અમે તમારા ગુનેગાર ! બહાર જઈને નિંદા ચાલુ ! અલ્યા પણ કોણે ચોખા મૂક્યા હતા કે વંદન કરવા આવ ? કરવું હોય તો કર, નહિતર ઘેર જા !

'સાહેબ ! વંદન કરું ? - એમ પૂછે ત્યારે મને ઘણીવાર ઠોળ થાય. હું ના પાડી દઉં કે નથી કરવું. તમે પૂછ્યું ને મેં ના પાડી ! હા જ પાડવી એવો કોઈ કાયદો તો છે નહિ. અને તમારા વંદન વિના અમારું કાંઈ બગડી નથી જવાનું ! અને મજા તો ત્યારે પડે કે એવાય સેમ્પલ આવે કે આમ ના પાડીએ તો વંદન કર્યા વિના જતાંય રહે ! 'સાહેબે ના પાડી ને !' મજા આવે.

ખરેખર તો 'વંદન કરું છું' એમ હળવા અવાજે નિવેદન માત્ર કરવાનું હોય છે, પૂછવાની વાત જ નથી, એટલે મહારાજે જવાબ આપવાની પણ વાત નથી. તમે ધીમા સ્વરે 'વંદન કરું' એમ નિવેદન કરીને વંદન કરી લો અને રવાના થાવ, આ પદ્ધતિ છે. આમાં અવાજ કરે, વિક્ષેપ સર્જે અને અંતરાય કર્મ

બાંધી જાય. બને એવું કે મારામાં કોઈક સર્જનાત્મક ઉન્મેષ જાગતો હોય અને તે જ ક્ષણે તમે 'સાહેબ, શાતામાં છો ?' એમ બૂમ પાડો, અને મારા ક્ષયોપશમ પર આવરણ આવી જાય અને પેલો ઉન્મેષ ટળી જાય. તો એ અંતરાય કોને ? તમને, અવાજ અને વિક્ષેપ કરનારને.

અહીં પેલા સાધુના મોટા અવાજથી કંટાળેલા બીજા સાધુઓ એમને ટોકવા માંડ્યા. આત્મા સરળ હતો, એટલે ભૂલ કબૂલ કરે અને મિચ્છા મિ દુક્કડં આપે, પછી ધીમેથી બોલે, પણ પાછી એમને સરત ન રહે, અને મોટેથી બોલવા માંડે. આથી બધાને બહુ ખલેલ પહોંચે.

એક દહાડો એક સાધુ બરાબરના અકળાયા અને બોલી ઊઠ્યા કે 'મહારાજ ! તમને સો વાર ના પાડી; 'ધીમેથી બોલો, મોટેથી ના બોલો' એમ સમજાવ્યા, પણ તમે સમજતા જ નથી ! શું પાકે ઘડે તમારે કાંઠલા ચડાવવાના છે ?'

સામે એક સાંબેલું પડેલું. લાકડાનું હોય, અનાજ ખાંડવા કામ લાગે એ. પેલા સાધુએ પેલા નૂતન સાધુને એ સાંબેલું દેખાડીને કહ્યું કે 'તમે આટલું બધું ભણો છો તે શું આ સાંબેલાને ફૂલ ઉગાડશો તમે ? તાકાત હોય તો ઉગાડી દો ! બાકી હવે મોટેથી બોલીને બધાને હેરાન ન કરો !'

પેલા સાધુને આ સાંભળીને લાગી આવ્યું. આવું બને છે. કોઈકને કાયમ ન લાગે, પણ ક્યારેક આકરાં વેણ લાગી આવતાં હોય છે. એમણે નક્કી કર્યું કે હવે આ સાંબેલા પર ફૂલ ઉગાડ્યે જ પાર ! તેઓ તે જ દહાડે ગુરુ મહારાજની રજા લઈને સરસ્વતી દેવીની ઉપાસનામાં બેસી ગયા. ૨૧ દિવસની સાધના, અન્ન-જળનો ત્યાગ - ઉપવાસનાં પચ્ચક્ખાણ અને એક ધ્યાન ! વાગ્દેવતાની આરાધના ! એકવીસમે ઉપવાસે દેવી આકાશમાં

પ્રગટ થયાં અને પૂછ્યું કે 'મહારાજ ! શું જોઇએ ? - જે જોઈએ તે કહો - તમારો મનોરથ સિદ્ધ થયો છે.' મહારાજે કીધું : 'બસ મા ! વરદાન આપ. વાણીનું અને વિદ્યાનું વરદાન આપ.'

વરદાન મળ્યું. ઊભા થયા. દિવ્ય દર્શન થવાને કારણે ૨૧ દિવસની અશક્તિ વર્તાતી નથી. એ ગયા સીધા ગુરુ પાસે. વંદના કરી. ગુરુએ પૂછ્યું : 'ભાગ્યશાળી, શું થયું ?' તો કહે કે 'આપની કૃપાથી ફળ સિદ્ધ થયું.' ગુરુ પ્રસન્ન થઈ ગયા. ત્યાં સાધુઓ ટોળે વળ્યા છે. તેમને વીંટળાઈને કહે કે 'મહારાજ, તમને દેવીએ વરદાન આપ્યું હોય તો અમને બતાડો ને!

બધાને લઈને તેઓ ગયા પેલા સાંબેલા પાસે. પાણી હાથમાં લીધું ને તે સાંબેલા પર છાંટતાં છાંટતાં બોલ્યા :

अस्मादृशा अपि जडा भारति ! त्वत्प्रसादतः ।
भवेयुर्वादिनः प्राज्ञाः मुशलं पुष्प्यतां ततः ॥

અર્થાત્ હે વાગ્વાદિની દેવી ! અમારા જેવા જડ માણસો પણ તમારી કૃપાથી વિદ્વાન થઈ શકતા હોય તો આ સાંબેલા પર ફૂલ ઊગજો !

અને એ સાથે જ એ સાંબેલા પર ફૂલ અને પાંદડાં ઊગી નીકળ્યાં ! આનું નામ વાણીનું વરદાન ! પછી તો આખા સંઘે તેમને ઝીલી લીધા. સમગ્ર સમુદાયમાં ગુરુએ તેમને પસંદ કરીને એમને આચાર્યપદવી આપી. ૭૦ વર્ષની ઉંમરના સાધુ આચાર્ય અને ગચ્છના નાયક. એ ભગવંતનું નામ પડ્યું વૃદ્ધવાદીસૂરિ મહારાજ. એમના પટ્ટધર તે સિદ્ધસેનદિવાકરજી મહારાજ. એમની વાત હવે મુનિ કલ્યાણકીર્તિવિજયજી તમને કરશે.

# સિદ્ધસેન દિવાકરસૂરિ
## જીવન અને સાહિત્યસર્જન

- મુનિ શ્રીકલ્યાણકીર્તિવિજયજી

भद्दं मिच्छादंसणसमूहमइयस्स अमयसारस्स ।
जिणवयणस्स भगवओ संविग्गसुहाहिगम्मस्स ॥

બધાં જ મિથ્યાદર્શનોના સમૂહ સ્વરૂપ, અમૃતતુલ્ય સારવાળા અને માત્ર સંવેગી જનોથી જ સુખે જાણવા યોગ્ય એવા ભગવત્-સ્વરૂપ શ્રીજિનવચન - જિનપ્રવચનનું કલ્યાણ થાઓ.

ચરમ તીર્થપતિ, આસન્ન તથા અસીમ ઉપકારી શ્રીમહાવીરસ્વામી પરમાત્માના સર્વહિતકર શાસનમાં, પંચમ ગણધર શ્રીસુધર્મસ્વામીની ઉજ્જ્વળ પરમ્પરામાં જિનશાસનરૂપી આકાશને અજવાળનારા અનેક તેજસ્વી તારલા જેવા મહાપુરુષો થઈ ગયા. કેવા ? चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा - ચન્દ્રોથી પણ નિર્મળ અને સૂર્યોથી પણ વધુ તેજસ્વી !; અને

કેટલા ? ગણ્યા ગણાય નહિ ને વીણ્યા વીણાય નહિ, ને તો ય મારા આભલામાં મા'ય નહિ !!! અને એમણે કેવાં કેવાં કાર્યો કર્યાં ! જ્ઞાનમાર્ગને, દર્શનપથને અને ચારિત્રધર્મને અજવાળનારાં એવાં એવાં પ્રભાવક કાર્યો એમણે કર્યાં છે કે તેનું વર્ણન તો દૂર રહ્યું, આપણે વિચારી પણ ન શકીએ તેનાં વિશે. We are not worth to think that too. આપણી પાસે તેનું વર્ણન કરવાની યોગ્યતા કે સામગ્રી પણ નથી. સામે ખંડેર પણ હોય તો,

खंडहर ही बता रहा है कि इमारत कितनी बुलंद होगी – એ ન્યાયે ઈમારતનું વર્ણન કરી શકીએ. પણ આપણી પાસે દીવાસળીનાં ય ઠેકાણાં નથી ને સૂર્યનું વર્ણન કરવા નીકળી પડ્યા છીએ ! ચમચી લઈ દરિયો માપવા નીકળી પડ્યા છીએ. શેના જોરે આ દુસ્સાહસ કર્યું ? થોડા શબ્દોના જોરે !

સારું થયું શબ્દો મળ્યા તારા નગરે જાવા
ચરણો લઈ દોડવા બેસું તો વરસોનાં વરસો લાગે...

ચાલો, થોડા શબ્દોના સહારે આ મહાપુરુષોને અને એમનાં કાર્યોને પિછાણવા થોડો પ્રયત્ન કરીએ...

અમેરિકામાં એક Times નામની સંસ્થા છે જે Times નામક સામયિક પ્રકાશિત કરે છે. તે સંસ્થા દર વર્ષે અનેક વિષયોમાં દુનિયાભરના Top ten ની યાદી બહાર પાડે છે, જેમ કે, અભિનેતાઓ, ધનાઢ્યો, ગણિતજ્ઞો, વૈજ્ઞાનિકો વગેરે. આપણા જિનશાસનના મહાપુરુષોમાં Top ten માં કોનાં નામો આવે ? અરે, એકનું નામ લો ને બીજાનું ભૂલો, એવા એવા તો પ્રતિભાવંત મહાપુરુષો થઈ ગયા છે! છતાં, એક કલ્પનારૂપે પણ Top ten નાં નામો વિચારીએ તો -

ભદ્રબાહુસ્વામી, સ્થૂલભદ્રજી, સુહસ્તિસૂરિજી, વજ્રસ્વામી, ઉમાસ્વાતિજી, દેવર્ધિગણિ, અરે ! યાદી એટલી બધી લાંબી થઈ

જાય કે ક્યાં અટકવું ? છતાં, આ નામોમાં એક નામ તો અવશ્ય આવે, ને તે છે આચાર્ય શ્રીસિદ્ધસેન દિવાકર સૂરિજી ભગવંતનું. તેમનું નામ અનિવાર્યપણે લેવું પડે. શા માટે લેવું પડે ? તો તેનો પુરાવો ભગવાન હરિભદ્રસૂરિજી આપે છે. આપણે ત્યાં શ્રુતકેવલી કેટલા થયા ? – છ, પ્રભવસ્વામીથી માંડીને સ્થૂલભદ્રજી સુધીના, પછી કોઈને પણ શ્રુતકેવલી નથી કહ્યા. પરંતુ, હરિભદ્રસૂરિજીએ સાતમા શ્રુતકેવલી પણ કહ્યા, સિદ્ધસેન દિવાકરસૂરિજીને !! જુઓ, **પંચવસ્તુક** ગ્રંથનો પાઠ –

भण्णइ एगंतेणं, अम्हाणं कम्मवाय णो इट्ठो ।
ण य णो सहाववाओ, **सुयकेवलिणा** जओ भणियं ॥

आयरिय**सिद्धसेणेण**, **सम्मईए** पइट्ठियजसेण ।
दूसमणिसादिवायरकप्पत्तणओ तदक्खेणं ॥

વિચારો કે, સિદ્ધસેન દિવાકરનું પોત કેવું હશે ? હરિભદ્રસૂરિજી, એ પોતે જ એવી વિરાટ પ્રતિભા, એ પણ જ્યારે તેમને આ રીતે બિરદાવે ત્યારે માનવું પડે કે તેઓ કેવી મહા વિરાટ પ્રતિભા હશે ? એટલે તેમનું નામ તો Top ten માં લેવું જ પડે ને અનિવાર્યપણે !

બીજો એક પુરાવો આપે છે ભગવંત જિનદાસગણિ મહત્તર, આગમની પંચાંગીમાં મૂળસૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ તથા વૃત્તિ આવે, અને તે બધાં આગમ-સ્વરૂપ જ ગણાય. એમાંથી છેદસૂત્ર-એવા **નિશીથ**સૂત્રની ચૂર્ણિમાં ચૂર્ણિકાર શ્રીજિનદાસગણિ મહત્તર ભગવંતે પ્રાયશ્ચિત્તની ચર્ચા કરતાં વિવિધ દોષોના પ્રાયશ્ચિત્તની વાત કરી છે. તેમાં ગોચરીના દોષોની પણ વાત આવે. તેમાં આધાકર્મ વગેરે દોષોના પ્રાયશ્ચિત વિશે લખતાં તેમણે અપવાદ જણાવ્યો કે –

**दंसणग्गाही** - દર્શનના પ્રભાવક ગ્રંથોને ભણવા માટે સાધુને કોઈ એવા ક્ષેત્રમાં રહેવું પડે જ્યાં નિર્વાહ થાય તેમ ન હોય અથવા શુદ્ધ આહારાદિ ઉપલબ્ધ ન થતાં હોય, તો, જયણાપૂર્વક અકલ્પ્ય એવાં આધાકર્માદિનું પણ જો સેવન કરે તો તેને પ્રાયશ્ચિત્ત ન આવે.

અહીં દર્શનના પ્રભાવક ગ્રંથોમાં સર્વપ્રથમ નામ તેમણે <u>सन्मतितर्क</u>નું નોંધ્યું છે. તો, આ વાત પરથી જ આપણે અનુમાન કરી શકીએ કે, કેવી એ જ્વલંત પ્રતિભા હશે જેમના રચેલા ગ્રંથને ભણવામાં આધાકર્માદિ દોષ ન આવે એવું આગમની પંચાગીમાં ઉલ્લેખાયું ?

તો, આ તો તેમને Top tenમાં અનિવાર્યપણે ગણવા પડે તે માટેનાં એકાદ-બે વાજબી કારણો જણાવ્યાં. હજી તે વિશે આગળ વધુ ચર્ચા કરીશું. પણ અત્યારે તો તેમના વ્યક્તિત્વ વિશે થોડું વિચારીએ.

તેમનાં વ્યક્તિત્વનાં ઘણાં બધાં પાસાં છે. આપણે સમયની મર્યાદામાં રહી બે-ત્રણ પાસાં તપાસીએ.

૧. બાહ્ય વ્યક્તિત્વ – તેમના જીવનની ઘટનાઓ અને પ્રસંગો.

૨. બૌદ્ધિક વ્યક્તિત્વ – સમગ્ર દાર્શનિક પરંપરામાં પ્રસિદ્ધ તેમનો તર્કવાદ - તાર્કિક અને દાર્શનિક ગ્રંથ રચનાઓ.

૩. આંતરિક વ્યક્તિત્વ – સાધના - સાધુતા, ગુણો, કવિત્વ શક્તિ, ભક્તિ, શ્રદ્ધા, અંતરશુદ્ધિ, અધ્યાત્મ વગેરે આંતરિક વૈભવ.

સૌપ્રથમ આપણે તેમના બાહ્ય વ્યક્તિત્વ વિશે થોડું વિચારીએ –

વજ્રસ્વામી ભગવંતના શિષ્ય આચાર્ય વજ્રસેનસૂરિજીના ચાર શિષ્યો થયા - નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર. તે ચારેય શિષ્યોનાં નામથી ચાર કુળ પ્રસિદ્ધ થયાં. તેમાં વિદ્યાધરકુળમાં આર્ય સ્કંદિલાચાર્ય નામે પ્રભાવક આચાર્ય થયા, જેમણે માથુરી વાચનામાં સક્રિય ભાગ લીધો હતો. તે ભગવંત વિહરતાં ગૌડ દેશમાં પધાર્યા. ગૌડ દેશમાં કોશલા ગ્રામ નામે ગામ છે. ત્યાં ભગવંત પધાર્યા છે. ભવિકજનોને દેશના આપે છે. દેશના સાંભળવા મુકુન્દ નામક બ્રાહ્મણ આવે છે. ધર્મ સાંભળી દયા-સંયમ-વૈરાગ્યનો રંગ લાગ્યો. ગુરુભગવંત પાસે જઈ કહે – 'ભન્તે ! વિષય-કષાયોએ મને ખૂબ લૂંટ્યો - છેતર્યો છે. હવે આ ત્રાસ સહન નથી થતો - કૃપા કરી મને વિષય-કષાયોથી અને સંસારથી બચાવો-તારો.' ગુરુભગવંતે પણ તેમને યોગ્ય જાણી દીક્ષા આપી. પછી વિહાર કરતાં લાટ દેશ - ભરુચ પહોંચ્યા.

મુકુન્દમુનિએ પ્રૌઢ વયે દીક્ષા લીધી છે. પણ ભણવાનો રસ ઘણો છે. એટલે ખૂબ મોટા અવાજે ગોખે છે. ઉંમર મોટી છે એટલે ચડતું નથી. પરન્તુ ઉત્સાહ એટલો બધો છે કે થાકતા કે કંટાળતા નથી. જોર જોરથી ગોખ્યા કરે. બીજા નાના સાધુઓને તકલીફ પડે. ગુરુભગવંતે સમજાવ્યા. પણ જ્યારે ભણવા બેસે ત્યારે ભૂલી જાય. રાત્રે પણ મોટેથી જ પાઠ કરે છે. વૃદ્ધાવસ્થા છે એટલે યાદ નથી રહેતું કે ધીમે ધીમે ગોખવું જોઈએ. જડતા વધારે છે, તેથી જોરથી જ પાઠ કરે. એક યુવાન મુનિથી ન રહેવાયું. સ્વાધ્યાય ન થાય, ઊંઘ બગડે એટલે સહજ જ ગુસ્સો આવે. જઈને કહે – 'ઉંમરનું ઠેકાણું નથી, ને ભણવા નીકળી પડ્યા છો ! આટલી ઉગ્રતાથી પાઠ કરો છો તો શું સાંબેલાને ફૂલ ઉગાડવાના છે ?' કટુતાથી બોલાયેલું વચન મુનિને વસમું પડી ગયું. મહેણું હાડમાં લાગી ગયું. વિષણ્ણ થઈ ગયા. વિચારે છે કે – 'મારું જ્ઞાનાવરણ કર્મ ઉદયમાં છે, ક્ષયોપશમ નથી, માટે જ મારે આ

સાંભળવું પડ્યું ને ! હવે હું શ્રુતદેવતાની આરાધના કરી વરદાન મેળવીને મહેણું ભાંગીશ, ત્યારે જ ચેનથી શ્વાસ લઈશ.'

સવારે ગુરુભગવંત પાસે જઈ આરાધનાની રજા માગી. ગુરુભગવન્તે પણ પ્રેમથી રજા આપી. ભરુચના **નાલિકેર વસતિ**ના જિનાલયમાં સંકલ્પ કરી ૨૧ દિવસના ઉપવાસના પચ્ચક્ખાણ કરી શ્રુતદેવતાની આરાધના કરવા બેસી ગયા. શ્રદ્ધા - અનન્યચિત્તતા - દઢતાપૂર્વક સાધના કરી. દેવી પ્રસન્ન થયાં. પ્રગટ થઈ વરદાન આપ્યું – 'તમારા સર્વ મનોરથો પૂર્ણ થાઓ' મુકુન્દમુનિ અત્યન્ત આનન્દિત થયા. ઉપાશ્રયમાં પધાર્યા. બધા જ મુનિઓ ભેગા થઈ ગયા. તેમનું તેજસ્વી મુખારવિન્દ જોઈ બધાના મુખ પર ઉત્સુકતા છે. મુકુન્દમુનિએ આમતેમ નજર કરી ને ખૂણામાં પડેલું સાંબેલું દેખાયું. મહેણું યાદ આવ્યું. સહજ જ મુખમાંથી શ્લોક નીકળ્યો –

अस्मादृशा अपि यदा, भारति ! त्वत्प्रसादतः ।
भवेयुर्वादिनः प्राज्ञा, मुशलं पुष्प्यतां ततः ॥

"હે સરસ્વતી દેવી ! તમારી કૃપાથી જો અમારા જેવા જડ લોકો પણ પંડિત અને વાદી થઈ જતા હોય તો આ સાંબેલાને ફૂલ ઊગો." અને સાંબેલા પર ફૂલ ઊગી ગયાં.

ગુરુભગવંત પણ પ્રસન્ન થયા.

મુકુન્દમુનિએ, એ પછી, બધા ય વાદીઓને વાદ માટે આહ્વાન આપ્યું કે – "જે કોઈ પણ વાદી, ગમે તે વિષયમાં, વાદ કરવા ઇચ્છતો હોય તે આવી જાય - હું બધા સાથે વાદ કરીશ." જે આવ્યા તેને હરાવી દીધા. હવે બધા જ વાદીઓ તેમનાથી ડરી ગયા. તેમનું નામ પણ જગતમાં વૃદ્ધવાદી - એવું પ્રસિદ્ધ થઈ ગયું. ગુરુભગવંતે પણ તેમને યોગ્ય જાણી આચાર્યપદ આપ્યું અને ગણનો ભાર સોંપ્યો, તથા પોતે આત્મહિત સાધી, અનશન

કરી સ્વર્ગે સિધાવ્યા. વૃદ્ધવાદીસૂરિએ હવે વિશાલા નગરી તરફ વિહાર કર્યો. વિશાલા નગરી એટલે ઉજ્જયિની નગરી.

એ વિશાલા નગરીમાં વિક્રમાદિત્ય રાજા છે. ત્યાં કાત્યાયનગોત્રીય **દેવર્ષિ** બ્રાહ્મણ પુરોહિત છે. તેને **દેવશ્રી** પત્ની છે. તે દમ્પતીને **સિદ્ધસેન** નામે પુત્ર છે. તે ૪ વેદ અને ૧૪ વિદ્યામાં પારગામી છે. ષડ્દર્શનોનો જ્ઞાતા છે. અપ્રતિહત વાદશક્તિ ધરાવે છે. પ્રજ્ઞાના બળે આખા જગત્‌ને તૃણવત્ ગણે છે. એટલે તેણે એવી પ્રતિજ્ઞા લીધી છે કે જે મને વાદમાં જીતે તેનો હું શિષ્ય થાઉં. એવામાં તેણે વૃદ્ધવાદીસૂરિની પ્રસિદ્ધિ સાંભળી, વાદનું આહ્વાન સાંભળ્યું. તેને વાદની ચટપટી લાગી. તપાસ કરી કે તેઓ ક્યાં છે ? અને સમાચાર મળ્યા કે - ભરુચમાં છે. તરત જ ઉપડ્યા, ભરુચ તરફ ઝડપથી ચાલ્યા.

આ તરફ વૃદ્ધવાદીજી ભરુચથી નીકળ્યા ને નજીકમાં કોઈ ગામ બહાર વિહાર કરી રહ્યા હતા ત્યાં જ સિદ્ધસેન પંડિતને તેમનો ભેટો થઈ ગયો. સિદ્ધસેન તેમને ઓળખતા ન હતા, પણ સરળ હતા. સહજપણે અભિવાદન કરી પૂછ્યું કે – 'તમે જૈન સાધુ છો તો વૃદ્ધવાદીને ઓળખતા હશો. તે કોણ છે અને ક્યાં છે ? મને જણાવો. મારે તેમની સાથે વાદ કરવો છે.' વૃદ્ધવાદીજીએ કહ્યું કે – 'હું જ વૃદ્ધવાદી છું. પણ તમારે વાદ કરવો હોય તો ચાલો ભરુચ - રાજસભામાં. ત્યાં મધ્યસ્થો વચ્ચે વાદ થશે.' સિદ્ધસેન કહે – 'ના ના, મારે તો અહીં જ વાદ કરવો છે.' વૃદ્ધવાદી કહે – 'પણ અહીં સભ્યો કોણ છે ? હાર-જીતનો નિર્ણય કોણ કરશે ?' સિદ્ધસેને આમ તેમ જોઇ કહ્યું કે – 'આ ગોવાળિયા અહીંયા બેઠા છે ને તેમને જ સભ્યો બનાવો.' વૃદ્ધવાદીજીએ ઘણું સમજાવ્યા પણ સિદ્ધસેન ન માન્યા. છેવટે વાદ શરુ થયો. સિદ્ધસેન પંડિતે પૂર્વપક્ષ સ્થાપ્યો કે – 'આ જગતમાં કોઈ સર્વજ્ઞ નથી,' અને ધારાબદ્ધ સંસ્કૃતમાં તેનાં

પ્રમાણો આપ્યાં. કલાક - બે કલાક સુધી તેમનો પૂર્વપક્ષ ચાલ્યો. તેઓ જેવા અટક્યા તેવા જ વૃદ્ધવાદીસૂરિજી ગોવાળિયાઓ તરફ જોઈ બોલ્યા – 'બોલો ભાઈઓ ! કંઈ સમજણ પડી ?' વૃદ્ધ છે ને ! એટલે વ્યવહારકુશળ પણ છે, માત્ર જ્ઞાની નથી. ગોવાળિયા કહે – 'અરે ! આ તો માટીની હાંડીમાં કાંકરા ખખડતા હોય તેમ લાગ્યું. કાનમાં પીડા જ થઈ, બીજું કાંઇ સમજાયું નહિ !' વૃદ્ધવાદી કહે – 'મને સમજાયું છે. એ કહે છે કે – આ જગતમાં કોઈ સર્વજ્ઞ-જિન નથી. હવે તમે મને કહો કે – તમારા ગામમાં જિન-સર્વજ્ઞ છે કે નહિ ?' ગોવાળો કહે – 'હા હા ! અમારા ગામમાં મંદિરમાં જિન-સર્વજ્ઞ વિદ્યમાન છે. આમનું વચન મિથ્યા છે. તેને અમે માન્ય નથી કરતા.'

હવે વૃદ્ધવાદીજીનો વારો આવ્યો. એમણે તો જમાનો જોયો હતો. અનુભવી હતા. ચોલપટ્ટાનો કછોટો વાળ્યો, ને તાળી પાડતાં પાડતાં નાચવા લાગ્યા, સાથે ગાવા લાગ્યા –

नवि मारियइ नवि चोरियइ परदारह गमणु निवारियइ ।
थोवाथोवं दाइयइ, सग्गि टकु टकु जाइयइ ॥

ગોવાળોને મજા પડી ગઈ. એ લોકો પણ તાળી પાડતાં નાચવા લાગ્યા. કહે 'આ મહારાજ સાચુ-બોલે છે, સરસ બોલે છે, આ જીત્યા !!' સિદ્ધસેન તો જોઈ જ રહ્યા, 'ખરેખર જેવા સભ્યો એવો જ ખેલ પાડી દીધો આમણે !' ઊભા થઈ ગયા. વૃદ્ધવાદીજી પાસે જઈ હાથ જોડી કહે – 'આપ જીત્યા, હું હાર્યો. હવે મને આપના શિષ્ય તરીકે સ્વીકારો.' વૃદ્ધવાદીજી કહે – 'એમ નહિ. આપણે રાજસભામાં મધ્યસ્થો સમક્ષ વાદ કરીએ. પછી નિર્ણય થશે.' સિદ્ધસેન ના પાડે છે. છતાં વૃદ્ધવાદીજી પ્રામાણિક છે. તેથી કહે છે કે – 'હું તમને સર્વજ્ઞની સિદ્ધિ પણ કરી આપું. તે તમે સ્વીકારો પછી જ આગળની વાત. જુઓ -

જીવોમાં પ્રજ્ઞાની તરતમતા પ્રત્યક્ષ જ જણાય છે. કોઈ જીવમાં અલ્પ પ્રજ્ઞા હોય, કોઈમાં અધિક. ઉદાહરણરૂપે પરિમાણ લઇએ તો, કોઈ વસ્તુ અલ્પ પરિમાણની હોય, તૃણ-પાંદડું વગેરે; અને કોઈ વસ્તુ અધિક પરિમાણવાળી હોય - વૃક્ષ વગેરે. હવે, સર્વથા અલ્પ પરિમાણ જેમ પરમાણુમાં હોય, અને સર્વથી અધિક પરિમાણ જેમ આકાશમાં હોય, એમ સર્વથી અલ્પ પ્રજ્ઞા નિગોદના જીવમાં જેમ હોય, તેમ સર્વથી અધિક પ્રજ્ઞા - જ્ઞાનનો અતિશય - કેવલજ્ઞાન - પણ ક્યાંક હોવું જોઇએ, તેનો આધાર કોઈ હોવો જોઈએ. તે આધાર છે સર્વજ્ઞ. સર્વજ્ઞમાં જ સર્વાધિક પ્રજ્ઞા હોઈ શકે. આ રીતે જો વિચારો તો અવશ્ય સર્વજ્ઞની સિદ્ધિ થઈ જાય.'

આ રીતે યુક્તિઓ-પ્રમાણો વગેરેથી સર્વજ્ઞની સિદ્ધિ કરી વૃદ્ધવાદીજીએ સિદ્ધસેનને વાદમાં જીતી લીધા. સિદ્ધસેન પણ અત્યંત સરળ જીવાત્મા હતા. વૃદ્ધવાદીજી પાસે તેમણે તરત દીક્ષા લીધી અને તેમના શિષ્ય બન્યા. વિદ્વાન્ તો હતા જ, એટલે થોડા જ સમયમાં જૈન આગમો તથા શાસ્ત્રોના પણ પારગામી બન્યા. તેમની પ્રજ્ઞા અત્યન્ત સૂક્ષ્મ, ગંભીર અને વ્યાપક હતી. તેનો ઉપયોગ તેમણે ગ્રન્થો રચવામાં કર્યો. કેવા આકર ગ્રન્થો રચ્યા ! જૈન પ્રવચનના આધારભૂત ગ્રન્થો રચ્યા. આ છે તેમનું બૌદ્ધિક વ્યક્તિત્વ. થોડું તેમના બૌદ્ધિક વ્યક્તિત્વ વિશે પણ વિચારીએ –

પહેલાં, તેમના સમયની પરિસ્થિતિ વિશે થોડું વિચારી લઈએ.

જૈનદર્શન એ અનેકાન્ત દર્શન છે. અનેકવિધ દષ્ટિઓ જ્યાં ભેગી થાય, અનેક Points of view થી જ્યાં વિચાર કરવામાં આવે - તે અનેકાન્ત દર્શન. એક જ દષ્ટિ કે એક જ Point of view અહીં માન્ય નથી. અન્ય દર્શનો એક જ દષ્ટિને અવલંબે છે

માટે એકાન્ત દર્શન કહેવાય છે. જ્યારે જૈનદર્શન અનેક દૃષ્ટિમય છે, અર્થાત્ અન્યાન્ય બધાં જ દર્શનો ભેગાં થાય તો જૈનદર્શન - અનેકાન્ત દર્શન્ બને. આ જ વાત આ પ્રવચનની શરૂઆત કરતાં કહેલા શ્લોકમાં કહી છે, भद्दं मिच्छादंसणसमूहमइयस्स० ઇત્યાદિ.

પૂજ્ય આનંદઘનજી મહારાજ પણ નમિનાથ ભગવાનના સ્તવનમાં કહે છે –

ષડ્ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દરિસણ આરાધે રે...

જૈન આગમોમાં જે રીતે અનેકાન્તદૃષ્ટિનું સ્પષ્ટ અને વ્યવસ્થિત નિરૂપણ કરવામાં આવ્યું છે તેવું બીજાં દર્શનોનાં કોઈ શાસ્ત્રોમાં નથી મળતું. પરંતુ, આ અનેકાન્તદૃષ્ટિ અને તેમાંથી ફલિત થતા વાદોની ચર્ચા મૂળ જૈન આગમોમાં ખૂબ સંક્ષેપમાં - ઓછી વિગત અને ઓછાં ઉદાહરણોવાળી છે. પછીથી રચાયેલ નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ વગેરેમાં એ ચર્ચા લંબાય છે, છતાં તેમાં તર્કશૈલી કે દાર્શનિક ચર્ચાઓ મર્યાદિત હતા.

હવે, તે અરસામાં બ્રાહ્મણ પરમ્પરામાં સૌ પ્રથમ ગૌતમ ઋષિએ **ન્યાયસૂત્ર**નું સંકલન કર્યું અને તર્કની પરમ્પરાનો પાયો નાખ્યો. તેનું પ્રચલન જોઈ બૌદ્ધ પંડિત નાગાર્જુને **મધ્યમાવતાર** ગ્રન્થ રચી પોતાને ત્યાં પણ તર્કવાદની સ્થાપના કરી. તે પછી બૌદ્ધો અને બ્રાહ્મણો વચ્ચે ગ્રન્થો-વાદો વગેરેથી તર્કશાસ્ત્રીય યુદ્ધો થવાં લાગ્યાં. આ બધાથી અનભિજ્ઞ જૈન નિર્ગ્રન્થો તો વનમાં વસી આત્મસાધનામાં નિરત રહેતા. આ જોઈ વિદ્વજ્જગત્ તેમના આરાધ્યદેવ મહાવીરસ્વામીના ઉપદેશેલા મોક્ષમાર્ગનો ઉપહાસ કરવા લાગ્યું. એટલે એમણે પણ શાસનરક્ષાના ઉપાયો શોધવા કટિબદ્ધ થવું પડ્યું.

આ નિર્ગ્રન્થોમાં સર્વ પ્રથમ હતા વાચક શ્રીઉમાસ્વાતિજી મહારાજ, જેમણે જૈન-પ્રવચનના ઈતિહાસમાં સર્વપ્રથમવાર સંસ્કૃતભાષામાં **તત્ત્વાર્થાધિગમ** સૂત્રની રચના કરી, જેમાં એમણે જૈન પ્રવચનનાં સમગ્ર તત્ત્વોને સંકલિત કરી, જગત્-સમક્ષ મૂકી દીધાં. આ સૂત્રમાં તેમણે, તત્ત્વબોધ શેનાથી પ્રાપ્ત થાય છે - તેવી જિજ્ઞાસાના ઉત્તરરૂપે, નિર્દેશ કર્યો કે –

**प्रमाणनयैरधिगमः** – તત્ત્વબોધ પ્રમાણો અને નયોથી થાય છે.

હવે, પ્રમાણો કયાં ? અને નયો કયાં ? કેટલા ? વગેરેની વ્યવસ્થા કરવા માટે આગળ આવ્યા સિદ્ધસેનદિવાકરસૂરિજી. તેમણે પ્રમાણોની વ્યવસ્થા માટે સંસ્કૃત ભાષામાં **न्यायावतार** નામક ગ્રન્થની રચના કરી. આ ગ્રન્થ માત્ર ૩૨(બત્રીસ) શ્લોકનો જ છે. પરન્તુ તેમાં પ્રમાણોનું જે નિરૂપણ કર્યું છે તેનું ઊંડાણ અનુપમ છે. મુખ્યત્વે પ્રમાણોની જ ચર્ચા કરતાં, તેમણે પરાર્થાનુમાનનું પણ વિસ્તારથી નિરૂપણ કર્યું છે, જેમાં પક્ષ, સાધ્ય, હેતુ, દૃષ્ટાન્ત, હેત્વાભાસ વગેરેનાં લક્ષણો જૈન દૃષ્ટિએ ચર્ચવામાં આવ્યાં છે, અને છેવટે નયવાદ તથા અનેકાન્તવાદ વચ્ચેનું અન્તર સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે.

આ ગ્રન્થ ઉપર શ્રીસિદ્ધર્ષિગણિએ ૨૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી છે, આ.દેવભદ્રસૂરિજીએ ૧૦૦૦ કરતાં વધુ શ્લોકોનું ટિપ્પણ રચ્યું છે, તે સિવાય પૂર્ણતલ્લગચ્છીય આ.શ્રીશાન્તિસૂરિજીએ વાર્તિક પણ રચ્યું છે અને વિવિધ ભાષાઓમાં આ ગ્રન્થના અનુવાદો પણ થયા છે.

જૈન ન્યાય અને જૈન તર્કપરમ્પરાનો આ આદિ ગ્રન્થ છે, જૈન તર્કસાહિત્યનો પાયો છે. તેમાં જૈન તર્કપરિભાષાનું જે

પ્રસ્થાન થયું છે તે અદ્યાવધિ અખંડિત છે. દા.ત. તેમાં પ્રમાણનું લક્ષણ स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् - એવું કર્યું છે, તો અત્યારે પણ પ્રમાણનું લક્ષણ એ જ છે.

નયોના બોધ માટે સિદ્ધસેન દિવાકરજીએ **સન્મતિતર્ક** ગ્રન્થની રચના કરી. પ્રાકૃતભાષાના આ ગ્રન્થમાં ત્રણ કાંડ છે અને કુલ ૧૬૬ ગાથાઓ છે.

**પ્રથમકાંડ**માં ૫૪ ગાથાઓ છે. એમાં નયવાદ તથા સપ્તભંગીવાદનું વિશદ નિરૂપણ છે. આપણે ત્યાં પરમ્પરાગત રીતે ૭ (સાત) નયો માન્ય છે – નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. એમાંથી પ્રથમ ચાર નયો દ્રવ્યાસ્તિક છે અને પાછળના ત્રણ નયો પર્યાયાસ્તિક છે. પરન્તુ સિદ્ધસેનદિવાકરસૂરિજી પરમ્પરાથી થોડા જુદા પડે છે. તેમણે નૈગમનયને સંગ્રહ અને વ્યવહારમાં સમાવી લઈ ૬ (છ) જ નયો સ્વીકાર્યા છે, અને વળી સંગ્રહ તથા વ્યવહાર નય, એમ બે જ નયને દ્રવ્યાસ્તિક કહ્યા અને ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ તથા એવંભૂત, એમ ૪ (ચાર) નયોને પર્યાયાસ્તિક કહ્યા છે.

**દ્વિતીયકાંડ**માં દર્શન-જ્ઞાનની મીમાંસા કરવામાં આવી છે. ગાથાઓ ૪૩ છે. આપણે ત્યાં પરમ્પરાગત રીતે છાદ્મસ્થિક બોધમાં પ્રથમ દર્શન થાય પછી જ્ઞાન થાય, એવો ક્રમ સ્વીકારાયો છે, જ્યારે કેવલજ્ઞાની સંબંધી બોધમાં પ્રથમ સમયે જ્ઞાન થાય પછીના સમયે દર્શન થાય, એવો ક્રમ સ્વીકારાયો છે. આ બન્ને વાતો ક્રમવાદ અથવા ભેદવાદ તરીકે ઓળખાય છે. તેની સામે કેટલાક આચાર્યોએ જ્ઞાન અને દર્શન, બન્ને સાથે જ થાય છે એવું પ્રતિપાદન કરી યુગપદ્‌વાદને માન્યતા આપી. પરન્તુ, સિદ્ધસેન દિવાકરસૂરિજીએ આ બન્ને વાદોનું માર્મિક રીતે ખંડન કરી દર્શન અને જ્ઞાન, બન્ને એક જ છે, એવો અભેદવાદ સ્થાપ્યો.

**તૃતીયકાંડ**માં ૬૯ ગાથાઓ છે. અહીં તેમણે, અનેકાન્તદૃષ્ટિએ જ્ઞેય તત્ત્વ કેવું હોય તેની ચર્ચા કરી છે. અનેકાન્તવાદને સિદ્ધ કરી શકે તેવા અનેક વાદો, જેમ કે, સામાન્ય-વિશેષવાદ, તર્ક-આગમવાદ, કાર્ય-કારણનો ભેદાભેદવાદ, પંચકારણવાદ, આત્મવિષયક અસ્તિત્વ વગેરે છ વાદ, ઇત્યાદિ અનેક વિષયોનું સૂક્ષ્મ-વિસ્તૃત અને સ્પષ્ટ વિવરણ કર્યું છે, તથા એકાન્તવાદના દોષો અને અનેકાન્તવાદના ગુણો દૃષ્ટાન્તપૂર્વક સમજાવી અનેકાન્તવાદની અજેયતા સિદ્ધ કરી છે.

સાથે જ, અન્તે, એકદેશીય સૂત્રાભ્યાસ કે અર્થશૂન્ય સૂત્રમાત્રના પાઠથી આગમજ્ઞ નથી થવાતું એવું ભારપૂર્વક જણાવી, સ્વ-પરદર્શનના અભ્યાસ વિનાનો ક્રિયાકલાપ વ્યર્થપ્રાય છે તથા જ્ઞાન અને ક્રિયા, બન્ને મળીને જ કાર્યસાધક બને છે એવું નિર્દેશી, અનેકાન્તદૃષ્ટિરૂપ શ્રીજિનવચનની કલ્યાણ-કામના કરી ગ્રન્થ-સમાપ્તિ કરી છે.

આ ગ્રન્થ, જૈન પ્રવચનનો અત્યન્ત પ્રભાવક ગ્રન્થ છે અને આગમ-પંચાંગીમાં પણ તેનો ખૂબ આદરપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આપણે શરૂઆતમાં જોયું. આ ગ્રન્થ પર તર્કપંચાનન શ્રીઅભયદેવસૂરિજી ભગવન્તે **વાદમહાર્ણવ** અથવા **તત્ત્વબોધવિધાયિની** નામક ૨૫૦૦૦ શ્લોકપ્રમાણ મહાટીકાનું નિર્માણ કર્યું છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી તથા મહોપાધ્યાય શ્રીયશોવિજયજી - આ બન્ને મહાપુરુષોએ જૈનશાસનની જ્ઞાનસમૃદ્ધિને અજવાળવામાં તનતોડ પરિશ્રમ કર્યો છે અને આપણે આજે આટલા પણ ઊજળા હોઈએ તો તેમને લીધે છીએ.

પરન્તુ, આ બન્ને મહાપુરુષોએ પોતાના અનેક ગ્રન્થોમાં તથા પ્રતિપાદ્ય વિષયોમાં સિદ્ધસેનદિવાકરસૂરિજીના ગ્રન્થોમાંથી

જ પ્રેરણા તથા વિચારબીજો ગ્રહણ કર્યાં છે. હરિભદ્રસૂરિજીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચય, અનેકાન્તજયપતાકા, ષડ્દર્શનસમુચ્ચય ધર્મસંગ્રહણી, પંચવસ્તુક, ઉપદેશપદ વગેરે અનેક ગ્રન્થોમાં તેમના પ્રતિપાદિત પદાર્થોનો ઠેર ઠેર ઉપયોગ કર્યો છે, અને સિદ્ધસેનદિવાકરજીનો શ્રુતકેવલીરૂપે સમાદર કર્યો છે.

ઉપાધ્યાયજી મહારાજે તો સિદ્ધસેનદિવાકરસૂરિજીના વિદ્યા-શિષ્યપણાની યોગ્યતા મેળવી છે. તેમની કૃતિઓનું અવલોકન કે અભ્યાસ ઘણાએ કર્યાં હશે, પણ તેનું ઊંડું સર્વાંગીણ રસપાન જેટલું ઉપાધ્યાયજી મહારાજે કર્યું છે તેટલું બીજા કોઈએ કર્યું નથી. તેમણે પોતાની સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી ભાષાની અનેક કૃતિઓ ફક્ત સન્મતિતર્કના ત્રણ કાંડોના આધારે જ રચી છે. તે સિવાય પણ અનેક કૃતિઓમાં સન્મતિતર્કના પદાર્થો ગૂંથી લીધા છે, અને તેની લગભગ બધી જ ગાથાઓનું વિવરણ પોતાની કૃતિઓમાં જુદા જુદા હેતુસર કર્યું છે.

તે સિવાય, સિદ્ધસેનદિવાકરસૂરિજીના સમકાલીન-અનુકાલીન અનેક જૈનાચાર્યો – પૂજ્યપાદ, સમન્તભદ્ર, વટ્ટકેર, મલ્લવાદી, જિનભદ્રગણિ, સિંહક્ષમાશ્રમણ, ગન્ધહસ્તી, અકલંકદેવ, વીરસેન, વિદ્યાનન્દી, શીલાંકાચાર્ય, વાદિવેતાળ-શાન્તિસૂરિજી, વાદી દેવસૂરિજી, હેમચન્દ્રાચાર્ય - કે જેઓ જૈન દર્શનના ક્રમિક વિકાસનાં સોપાન-સમા છે, એવા આ બધા આચાર્યોએ તેમના ગ્રન્થોના પદાર્થોનો ઉપયોગ, તેમની સાક્ષી, તેમનાં ઉદ્ધરણો વગેરે બધું જ પોતાના ગ્રન્થો-શાસ્ત્રોમાં ખૂબ છૂટથી અને અત્યન્ત સન્માનપૂર્વક કર્યું છે, તે જ જણાવે છે કે તેમના ગ્રન્થો કેવા પ્રભાવક છે!

સન્મતિતર્ક ગ્રન્થનાં કેટલાંક ઉદાહરણો જોઈએ –

कालो सहाव णियई, पुव्वकयं पुरिसकारणेगंता ।
मिच्छत्तं ते चेवा, समासओ होंति सम्मत्तं ॥

કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ - આ પાંચ કારણોને એકાન્તે - જુદાં જુદાં અથવા એકલાં માનો તો તે મિથ્યાત્વ છે, જ્યારે તે પાંચેયને ભેગાં કારણરૂપે માનો તો તે સમ્યક્ત્વ છે.

ण हु सासणभत्तीमेत्तएण सिद्धंतजाणओ होइ ।
ण वि जाणओ वि णियमा, पण्णवणाणिच्छिओ णाम ॥

શાસન પ્રત્યેની ભક્તિમાત્રથી કોઈ સિદ્ધાન્તનો જ્ઞાતા નથી થઇ જતો, (તેના માટે પરિશ્રમપૂર્વક અભ્યાસ કરવો પડે) અને સિદ્ધાન્તનો જ્ઞાતા હોય તે પણ કંઈ પ્રરૂપણા કરવાને લાયક નથી બની જતો, (તેના માટે ઊંડો અનુભવ જોઈએ).

जह जह बहुस्सुओ सम्मओ अ सिस्सगणसंपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥

આ ગાથાનો બેઠો અનુવાદ ઉપાધ્યાયજી મહારાજે શ્રીપાળરાસમાં અવતાર્યો છે તે જુઓ –

જિમ જિમ બહુશ્રુતને બહુજન સમ્મત, બહુલ શિષ્યનો શેઠો રે
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ અનુભવ નેઠો રે...

જેમ જેમ બહુશ્રુતપણું મેળવે - ઘણા ગ્રંથો ભણી લે, ખૂબ લોકપ્રિય થાય અને ઘણા બધા શિષ્યોનો ગુરુ થાય, તેમ તેમ, જો સમય-આગમનો સાર ન જાણ્યો હો તો - જો અનુભવ ન હોય તો, તે જિનશાસનનો - સિદ્ધાન્તનો શત્રુ બને છે.

चरणकरणप्पहाणा, ससमय-परसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं णिच्छयसुद्धं न जाणंति ॥

જે સાધુઓ ચરણ-કરણને જ, અર્થાત્ ચારિત્રની ક્રિયાઓને જ મહત્ત્વ આપી સ્વ-આગમ અને પર-આગમનો અભ્યાસ કરતા નથી તેઓ, ચરણ-કરણના નિશ્ચયનયથી શુદ્ધ રહસ્યને જાણતા નથી - પામતા નથી.

णाणं किरियारहियं, किरियामेत्तं च दो वि एगंता ।
असमत्था दाएउं, जम्म-मरणदुक्ख-मा-भाई ॥

ક્રિયા વિરહિત કોરું જ્ઞાન, અને જ્ઞાનરહિત કેવળ ક્રિયા, આ બન્ને એકાન્તવાદરૂપ છે, અને તે બન્ને જન્મ-મરણના દુઃખથી નિર્ભયતા આપવા સમર્થ નથી.

જુઓ, હૃદયમાં સોંસરવા ઊતરી જાય તેવાં ટંકશાળી વચનો કેવાં તર્કબદ્ધ રજૂ કર્યાં છે ! તો આ છે તેમની બૌદ્ધિક-તાર્કિક પ્રતિભા.

હવે આગળની જીવન ઘટનાઓ તરફ થોડો દૃષ્ટિપાત કરીએ.

વિદ્વાન્, શાસ્ત્રપારગામી, તાર્કિકપ્રજ્ઞ સિદ્ધસેનમુનિનો પોતાનો શિષ્યપરિવાર છે. ગુર્વાજ્ઞા લઈ અલગ વિહાર કરતાં કરતાં ઉજ્જયિની પધાર્યા છે. સકળ સંઘમાં તેમની 'સર્વજ્ઞપુત્ર' એવી પ્રસિદ્ધિ હતી એટલે આખું નગર તેમનાં દર્શન-વંદન માટે ઉત્સુક છે. સમગ્ર સંઘજનો વાજતે-ગાજતે તેમનું સામૈયું કરે છે. સર્વત્ર એક જ વાત ચાલે છે – ગુરુભગવન્ત સર્વજ્ઞપુત્ર છે - એવી. એવામાં નગરીનો રાજા વિક્રમાદિત્ય હાથી પર બેસી રયવાડીએ નીકળ્યો છે, તેના કાને આ વાત પડે છે. તે વિચારે છે કે – 'આ સાધુ પોતાને સર્વજ્ઞપુત્ર તરીકે ઓળખાવે છે. તો તેની પરીક્ષા તો કરું ?' અને જેવા ગુરુ નજીક આવ્યા એટલે તેણે મનથી જ તેમને નમસ્કાર કર્યા. એટલે ગુરુભગવન્તે પણ તેને સંભળાય તેવા અવાજે ધર્મલાભના આશીર્વાદ આપી હાથ ઊંચો કર્યો. રાજા કહે – 'શું આપના આશીર્વાદ સસ્તા છે કે વગર વન્દને પણ મળે ?' ગુરુ કહે – 'કરોડો રત્નો આપો તોય ન મળે એવા આ આશીર્વાદ છે, પણ વન્દન કરનારને તો આપવા જ પડે. અને તમે નમસ્કાર નથી કર્યા તેવું તો નથી જ ! તમે મારા સર્વજ્ઞત્વની પરીક્ષા કરવા મનથી જ નમસ્કાર કર્યા એટલે મેં આશીર્વાદ આપ્યા.'

રાજા અત્યન્ત પ્રસન્ન થઈ ગયો. તરત એક કરોડ સોનામહોરનું દાન જાહેર કરી, નીચે ઊતરી વન્દન કર્યાં.

धर्मलाभ इति प्रोक्ते, दूरादुद्धृतपाणये ।
सूरये सिद्धसेनाय, ददौ कोटिं नराधिपः ॥

ગુરુ કહે – 'અમને સુવર્ણ ન ખપે.' રાજા કહે – 'જાહેર થઈ ગયું, વહીમાં લખાઈ ગયું. હવે લેવું જ પડે.' ઘણી આનાકાની પછી ગુરુભગવંતે સંઘના આગેવાનો દ્વારા લેવડાવી અનુકમ્પા - સાધર્મિકભક્તિ - તીર્થજીર્ણોદ્ધાર વગેરેમાં વપરાવ્યું.

ઉજ્જયિનીથી વિહાર કરતાં તેઓ ચિત્રકૂટ (ચિત્તોડ) પધાર્યા. અહીં અતિ પ્રાચીન જિન ચૈત્ય છે. તેનાં દર્શન કરવા ગયા. ત્યાં ચૈત્યપરિસરમાં એક પ્રાચીન મહાસ્તમ્ભ જોયો. તેના વિશે પૃચ્છા કરી તો જાણવા મળ્યું કે - આ સ્તમ્ભ કાષ્ઠ કે પાષાણ વગેરેનો બનાવેલો નહોતો, પરન્તુ ઔષધદ્રવ્યોથી નિર્મિત હતો. તે અગ્નિ-જલાદિથી પણ અભેદ્ય, વજ્ર જેવો હતો. સિદ્ધસેન તો અત્યન્ત તીક્ષ્ણ પ્રજ્ઞાવાન તથા અનેકાનેક વિષયોમાં પારગામી હતા, તેથી તેમણે તે ઔષધ દ્રવ્યોની ગન્ધ ગ્રહણ કરી, તેની પરીક્ષા કરી, તે દ્રવ્યો જાણ્યાં. પછી તે દ્રવ્યોનાં પ્રતિદ્રવ્યો - વિરુદ્ધ દ્રવ્યો મેળવી, તેનો રસ કઢાવી સ્તમ્ભ પર છંટાવ્યો અને ઘસાવ્યો. એટલે સ્તમ્ભમાં છિદ્ર થયું. તેમાંથી અંદર રહેલાં ઘણાં પુસ્તકો દેખાયાં. તે પુસ્તકો પૈકી એક પુસ્તક તેમણે હાથમાં લઈ, ખોલી, તેનું પ્રથમ પત્ર વાંચ્યું. તેમાં બે વિદ્યાઓ ઉલ્લિખિત હતી –

૧. **સર્ષપ વિદ્યા** - જેટલા સરસવના દાણા અભિમન્ત્રિત કરી જળમાં નાખવામાં આવે તેટલાં ઘોડેસવાર સૈનિકો ૪૨ શસ્ત્રોપકરણો સાથે બહાર નીકળે.

૨. **સુવર્ણસિદ્ધિ** - આ વિદ્યાથી એવો યોગ બને કે જેનો ઉપયોગ કરતાં કોઈપણ ધાતુ સુવર્ણરૂપે પરિણમે.

આ બન્ને વિદ્યા-યોગો યાદ રાખી જ્યાં તેઓ આગળનું પત્ર વાંચવા ગયા ત્યાં દેવતાએ તેમના હાથમાંથી પુસ્તક ઝૂંટવી લીધું અને સ્તમ્ભનું છિદ્ર-દ્વાર પણ બંધ થઈ ગયું. સાથે આકાશવાણી થઈ કે – "આવાં રહસ્યો જાણવા માટે તમે અયોગ્ય છો. વધુ ચપળતા ન કરશો. અન્યથા નુકસાન થશે."

તેઓ ત્યાંથી નીકળી ગયા. પરન્તુ બે વિદ્યા-યોગો યાદ રહી ગયા હતા. વિહરતાં વિહરતાં તેઓ **કર્મારપુર** પહોંચ્યા. ત્યાંના રાજા **દેવપાલ**ને પ્રતિબોધ પમાડી જૈનધર્માનુરાગી બનાવ્યો. રાજાને પણ તેમના પર પ્રીતિ-બહુમાન થયાં એટલે આગ્રહ કરી ત્યાં જ રોકી લીધા. દરરોજ રાજસભામાં જાય છે અને વિવિધ ગોષ્ઠીઓ થાય છે. એવામાં શત્રુરાજાએ કર્મારપુર પર આક્રમણ કરી નગરને ચારે તરફથી ઘેરી લીધું; દેવપાલ રાજા ગભરાઈ ગયો. પરન્તુ સિદ્ધસેનમુનિએ તેમને સાન્ત્વન આપ્યું કે – 'ચિન્તા ન કરો. હું બેઠો છું પછી શા માટે ડરો છો ?' રાજા આશ્વસ્ત થયો. સિદ્ધસેનમુનિએ પણ સર્ષપવિદ્યા અને સુવર્ણસિદ્ધિના બળે સૈન્ય તથા ધન ઉત્પન્ન કરી રાજાને સહાય કરી, અને રાજાએ શત્રુસૈન્યને રમતમાત્રમાં જીતી લીધું.

અહીં એક વાતની સ્પષ્ટતા કરવી આવશ્યક છે. આવી વિદ્યા કે આવા ચમત્કારોની વાત આપણી બુદ્ધિમાં ન બેસે તે સ્વાભાવિક છે. અને આપણે તેને કિંવદન્તી કે દન્તકથા માનવા પણ પ્રેરાઈએ. પરન્તુ, આ વાત સત્ય હકીકત છે, અને તેના પુરાવા તરીકે, આગમપંચાંગીમાં આવતી **શ્રીનિશીથસૂત્ર**ની ચૂર્ણિમાં જિનદાસગણિ મહત્તર **યોનિપ્રાભૃત**ના અધિકારમાં જણાવે છે કે – વિવિધ યોગોથી વિવિધ જીવો ઉત્પન્ન થાય છે, જેમ શ્રીસિદ્ધસેને અશ્વોને ઉત્પન્ન કર્યા.

આ પ્રસંગ પછી દેવપાલ રાજાની સિદ્ધસેનમુનિ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ ખૂબ વૃદ્ધિંગત થઈ. તેઓ રાજમાન્ય થઈ ગયા. દરેક

વાતમાં તેમની સલાહ લેવાવા લાગી. સાથે જ, રાજદરબારે આવવા માટે પાલખી-ગજરાજ વગેરેની પણ સગવડ કરવામાં આવી, તેના ફળ સ્વરૂપે તેઓ ક્રિયા-ધર્મકરણીમાં શિથિલ થઈ ગયા. શિષ્યપરિવારમાં અભિમાનની વૃદ્ધિ થઈ ગઈ. શ્રાવકોને પૌષધશાળામાં પ્રવેશ જ નહોતો મળતો. આ બધાને લીધે તેમનો અપયશ ફેલાયો અને વાત લોકો દ્વારા વૃદ્ધવાદીસૂરિજી સુધી પહોંચી. એટલે ગુરુમહારાજ વેશ બદલી કર્મારિપુર પધાર્યા. પાલખીમાં બેસી રાજસભામાં જતા સિદ્ધસેનને જોયા. સામે જઈને કહે – 'આપ મહાવિદ્વાન્ છો. મારે થોડા પ્રશ્નો છે તેનાં સમાધાન આપો.' તેમણે કહ્યું – 'પૂછો.' ગુરુભગવંત કહે – 'આ ગાથા મને સમજાતી નથી, તેનો અર્થ કરી આપો –

अणहुल्लियफुल्ल म तोडहु, मण आरामा म मोडहु ।
मणकुसुमेहिं अच्चि निरंजणु, हिंडह कांइ वणेण वणु ॥

અપભ્રંશ ભાષામાં કહેવાયેલી ગાથાનો અર્થ સિદ્ધસેનમુનિએ ઘણો વિચાર્યો પણ કંઈ બેઠો નહિ. એટલે એમણે કહ્યું – 'તમે બીજો પ્રશ્ન પૂછો. આનો અર્થ હું પછી કહીશ' ગુરુ કહે – 'પણ આનો અર્થ બેસે તો જ બીજો પ્રશ્ન પૂછાય' તેમણે ફરી ઘણી મથામણ કરી છતાં ન બેઠો, તેથી કહે – 'તો આપ જ આ ગાથાનો અર્થ કહો' ગુરુભગવન્તે અર્થ કહ્યો –

"(રાજસમ્માનના ગર્વની લાકડીથી) આયુષ્યરૂપી અણખીલેલું પુષ્પ તોડ નહિ, મૂલગુણ-ઉત્તરગુણોના બગીચાને ઉજાડી ન નાખ, ક્ષમા-નમ્રતાદિ માનસિક પુષ્પો વડે વીતરાગની પૂજા કર, મોહવનમાં એક સ્થાનથી બીજા સ્થાને શા માટે ભમ્યા કરે છે ?"

આ સાંભળી સિદ્ધસેનને થયું – 'નક્કી આ વાણી મારા ગુરુભગવન્ત સિવાય કોઈની ન હોય; ધારીને જોયું અને ઓળખી ગયા કે આ ગુરુભગવન્ત જ છે. તરત કૂદકો મારી

પાલખી પરથી નીચે ઊતર્યા ને તેમના પગે પડી ગયા. આશાતનાની ક્ષમા માગી અને પ્રાયશ્ચિત્ત માગ્યું.

ગુરુભગવન્તે ઠપકો આપી કહ્યું – 'આ કાળ જ એવો છે કે ભલભલા જીવોનાં પરિણામો નબળાં પડે. પણ તારા જેવા શ્રુતજ્ઞાની પણ જ્ઞાનને પચાવી ન શકે, પ્રમાદને વશ થઈ જાય તો બીજા અલ્પસત્ત્વવાળા જીવો શું કરવાના ? દેવતાએ તારા હાથમાંથી વિદ્યાનું પુસ્તક લઈ લીધું તેમાં પણ આ જ કારણ છે. ગંભીરતા કેળવીને જ્ઞાનને પચાવવાની કોશિશ કર.'

સિદ્ધસેનમુનિ કહે – 'આપની વાત સાચી છે. પરન્તુ અજ્ઞાન-પ્રમાદના દોષથી શિષ્ય દુષ્કૃત જ ન કરે તો આ પ્રાયશ્ચિત્તના ગ્રન્થો નિરર્થક થઈ જાય. કૃપા કરી અવિનયી એવા મને પ્રાયશ્ચિત્ત આપો.' ગુરુભગવન્તે આલોચના-પ્રાયશ્ચિત્ત આપ્યું. પછી તેમને પોતાના પદે સ્થાપી - આચાર્ય બનાવી, પોતે વિધિવત્ અનશન કરી, આરાધક બની વૃદ્ધવાદીજી સ્વર્ગે સંચર્યા. સિદ્ધસેનસૂરિજી પણ પૂર્વગત-શ્રુતજ્ઞાન મેળવી જિન પ્રવચનની પ્રભાવના કરતાં વિચરે છે.

હવે, તે દેશ-કાળમાં સર્વત્ર સંસ્કૃત ભાષાની બોલબાલા હતી, આજે જેમ અંગ્રેજી ભાષાની બોલબાલા છે તેમ. એમાં તે સમય સુધી આપણા સર્વ આગમો અને અન્ય શાસ્ત્રો પ્રાયઃ પ્રાકૃતભાષામાં જ રચાયાં હોવાથી અન્ય દર્શનીઓ જૈનદર્શનનો ઉપહાસ કરતા હતા કે – "જિનશાસન તો પ્રાકૃત છે." પ્રાકૃત એટલે સાધારણ - પામર, એવો પણ અર્થ થાય. આ સાંભળી સિદ્ધસેનસૂરિજીને ખૂબ દુઃખ થયું. વળી, પોતે પણ બાલ્યવયથી સંસ્કૃતભાષાના જ અભ્યાસી હતા એટલે એમણે વિચાર્યું કે – 'સમગ્ર જૈન સિદ્ધાન્તોને સંસ્કૃતમાં જ પરાવર્તિત કરી દીધા હોય તો કેવું સારું ! જેમ નમસ્કાર મન્ત્રનો સંસ્કૃત-સંક્ષેપ "नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः" છે તેની જેમ !

તેમણે સમગ્ર સંઘને ભેગો કરી આ માટે વિનન્તિ કરી પોતાની ઈચ્છા દર્શાવી, રજા માંગી. સંઘસ્થવિરો આ સાંભળી નારાજ થઈ ગયા. કહે – 'આ તો તમે તીર્થંકરો - ગણધરોની મહાન આશાતના કરી. બધા જ જીવો સમજી શકે તે માટે તેમણે આગમોની રચના પ્રાકૃત ભાષામાં કરી છે. શું તેમને સંસ્કૃતભાષા નહોતી આવડતી ? સમગ્ર ૧૪ પૂર્વો સંસ્કૃત ભાષામાં જ રચાયાં હતાં અને વિચ્છેદ પામ્યાં છે. આવા વિચારમાત્રથી પણ મોટું પ્રાયશ્ચિત્ત આવે.' સિદ્ધસેનસૂરિજીએ ખૂબ વિનયપૂર્વક તેમની ક્ષમા માગી અને પ્રાયશ્ચિત્તની યાચના કરી. સંઘસ્થવિરોએ વિમર્શ કરી તેમને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપ્યું, જેમાં ૧૨ વર્ષ સુધી કઠોર તપ કરી, વેશ છોડી, સંઘથી દૂર રહી અજ્ઞાતપણે વિહરવાનું હોય, અને એ કાળમાં જો તેઓ શાસનપ્રભાવનાનું કોઈ મહાન કાર્ય કરે તો તેમને પાછા સંઘમાં લઈ લેવામાં આવે, બાકીનો કાળ માફ થાય. સિદ્ધસેનસૂરિજીએ નતમસ્તકે પ્રાયશ્ચિત્ત સ્વીકારી લીધું. સરળતાનો ગુણ છે ને ! પહેલેથી જ છે તે આપણે દીક્ષા વખતે જોયું. બાકી, પોતે પણ એટલા સમર્થ - જ્ઞાની હતા જ. પડકાર આપી શક્યા હોત. પરન્તુ નમ્રતા અને સરળતા પણ ભારોભાર હતી. તેથી પ્રાયશ્ચિત્ત સ્વીકારી, વેશ છોડી, ઉગ્ર તપ કરતાં કરતાં ૭ વર્ષ સુધી અજ્ઞાતપણે વિચર્યા.

એકવાર અજ્ઞાતવેશમાં જ ઉજ્જયિની પધાર્યા છે. રાજમન્દિરના દ્વાર પર આવી દ્વારપાલને કહે છે – 'રાજાજીને જઈને પૂછો કે –

दिदृक्षुर्भिक्षुरायातस्तिष्ठति द्वारि वारितः ।
हस्तन्यस्तश्चतुःश्लोक उताऽऽगच्छतु गच्छतु ? ॥'

દ્વારપાલ રાજા પાસે ગયો ને આ શ્લોક કહ્યો. રાજા તો સાંભળીને ચમકી ઊઠ્યો. 'આવું કવિકર્મ કોનું ? અનુમતિ

માટેનો શ્લોક આવો હોય તો બીજાં કાવ્યો કેવાં હશે ?' ઉપાધ્યાયજી મહારાજ સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાયમાં આઠ પ્રભાવકની ઢાળમાં ફરમાવે છે કે –

"કાવ્ય સુધારસ મધુર અરથ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વરકવિ તેહ...
ધન ધન શાસનમંડન મુનિવરા..."

રાજાને થોડીવાર વિચાર કરતો રહેવા દઈ આપણે સિદ્ધસેનસૂરિજીના વ્યક્તિત્વનું ત્રીજું પાસું વિચારી લઈએ.

હકીકતમાં, તેમની પ્રતિભા બહુ આયામી હતી. પણ સૂર્ય સાથે જેમ ઉષ્ણતાનો ખ્યાલ જોડાઈ ગયો છે તેમ તેમની પણ તાર્કિક-મન્ત્રવાદી-ઉદ્દામવાદી તરીકેની છાપ જ પ્રમુખ બની ગઈ. ન્યાયાવતાર-સન્મતિતર્ક જેવા ગ્રન્થો વધુ ધ્યાન ખેંચનારા બન્યા અને તર્કવાદ જ તેમની ઓળખ બની ગયો. પરન્તુ, વાસ્તવમાં તેઓનું આન્તરિક પોત ઘણાં પાસાં ધરાવતું હતું. તેઓ તાર્કિક હોવા ઉપરાંત ભક્ત-ભાવક-સાધક-ચિન્તક-કવિ અને ગુરુ પણ હતા... હેમચન્દ્રાચાર્યે **अनुसिद्धसेनं कवयः** કે **क्व सिद्धसेनस्तुतयो महार्था अशिक्षितालापकला क्व चैषा ?** એવું કહી તેમનું કવિત્વ-ચિન્તકત્વ સ્વીકાર્યું છે, સિદ્ધ કર્યું છે. જ્યારે કેટલાય ગ્રન્થકારોએ **यदाह स्तुतिकारः** કહીને તેમના ચિન્તનને પ્રમાણ્યું છે.

તેમના વ્યક્તિત્વનાં આ બધાં પાસાં પ્રમાણવા માટે તેમનો ત્રીજો ઉપલબ્ધ ગ્રન્થ **द्वात्रिंशद्-द्वात्रिंशिका** અવલોકવો પડે. આ ગ્રન્થનું અવલોકન કરીએ તો આપણને જણાય કે તેમના વ્યક્તિત્વના ખરા રંગો તો અહીં જ નીખર્યા છે. તેમના ભાવવિશ્વનો અહીં પદે પદે પરિચય થાય છે. તો સાથે જ, તત્કાલીન ભારતમાં પ્રચલિત મુખ્ય દર્શનધારાઓની રૂપરેખા

મળે છે, અને તત્કાલીન જૈન શ્રમણસંઘની તાત્ત્વિક વિચારધારા અને વ્યવહારિક સાધનાપદ્ધતિની જીવંત છબી ઉપસે છે. જિજ્ઞાસુઓને નૂતન દૃષ્ટિ મળે છે, મુમુક્ષુને અનુભવસિદ્ધ દિશાસૂચન પણ મળે છે, અને સાહિત્ય-રસિક જનોને પ્રૌઢ કવિતાનો આસ્વાદ પણ મળે છે. તેમના ભાષાસામર્થ્ય, કલ્પનાશીલતા, વિચારવૈભવ વગેરે ગુણો પણ અહીં સહજપણે સ્ફુરાયમાન થાય છે.

આ ગ્રન્થમાં ૩૨ શ્લોકોની બનેલી ૩૨ બત્રીશીઓ છે, જેમાંથી અત્યારે માત્ર ૨૧ જ ઉપલબ્ધ થાય છે. આ બત્રીશીઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય -

- ૧ થી ૫, ૧૧, ૨૧મી બત્રીશીઓ સ્તુતિપરક છે.
- ૬ અને ૮મી બત્રીશીઓ સમીક્ષાપરક છે.
- ૭, ૯, ૧૦, ૧૨ થી ૨૦ મી બત્રીશીઓ દાર્શનિક ચર્ચાપરક છે.

આ **૨૧**માંથી પણ **૧૫**માં જ પૂરા બત્રીશ શ્લોકો છે. બાકી કેટલીકમાં ૩૨ થી ઓછા છે, એકમાં ૩૩ શ્લોકો અને એકમાં ૩૪ શ્લોકો છે. કુલ ૭૦૬ શ્લોકો મળે છે. આ બત્રીશીઓ પર કોઈ પ્રાચીન ટીકા મળતી નથી, માત્ર છેલ્લી બત્રીશી - **મહાવીર દ્વાત્રિંશિકા** ઉપર પ્રાચીન વૃત્તિ મળે છે. અર્વાચીનમાં શાસનસમ્રાટ્ પૂ.આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજે ૨૧ બત્રીશીઓ પર સંસ્કૃત ટીકા લખી છે, જે પ્રકાશિત છે. નવમી **વેદવાદ દ્વાત્રિંશિકા**નો વિવેચન સહ અનુવાદ પં. શ્રી સુખલાલજીએ કર્યો છે, ૧૧મી **ગુણવચન દ્વાત્રિંશિકા**નો અનુવાદ ફ્રેન્ચ વિદુષી ડૉ. કુ. શાર્લોટ ક્રાઉઝેએ કર્યો છે, જ્યારે ૧૬મી

નિયતિ દ્વાત્રિંશિકાનો અનુવાદ પાર્શ્વચન્દ્રગચ્છીય ઉપાધ્યાય શ્રીભુવનચંદ્રજી મહારાજે કર્યો છે.

પરન્તુ ઉપલબ્ધ દ્વાત્રિંશિકાઓની પ્રાચીન પ્રતિઓ ખૂબ ઓછી મળે છે, જે મળે છે તે પણ અત્યન્ત અશુદ્ધ જણાય છે, અને ગાઢ પરિશ્રમ કર્યા છતાં તેના ઘણાં સ્થાનો સંદિગ્ધ જ રહ્યાં છે. છતાં જે છે તેમાં અઢળક ખજાનો છે, જેને ખોબે ખોબે લૂંટાવીએ તો ય ખૂટે નહિ !

થોડો આસ્વાદ લઈએ –

સિદ્ધસેનદિવાકરસૂરિજીએ પોતાની પૂર્વાવસ્થામાં વેદો, ઉપનિષદોં અને વિવિધ દર્શનોનો સઘન અભ્યાસ કર્યો હતો. તેથી તે તે વિષયની બધી જ બત્રીશીઓનું નિરૂપણ તે તે વિષયના અધિકારી આચાર્ય જ જાણે કરી રહ્યા હોય તેવું જણાય છે.

વળી, પોતે વાદવિદ્યાના પણ પારંગત આચાર્ય અને વાદવિજેતા પણ હતા. તેથી વાદવિષયક સર્વ વ્યવસ્થાઓનું નિરૂપણ તેમણે તદ્વિષયક બત્રીશીમાં કર્યું છે. અને છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ તેમણે વાદોનું સહેજ પણ મહત્ત્વ નથી આપ્યું. તેઓ કહે છે કે –

अन्यत एव श्रेयांस्यन्यत एव विचरन्ति वादिवृषाः ।
वाक्संरम्भं क्वचिदपि, न जगाद मुनिः शिवोपायम् ॥ (૮-૭)

"શ્રેયનો માર્ગ એક તરફ રહી ગયો અને વાદવિજેતા ધુરન્ધરો બીજી દિશામાં જ દોડ્યે જાય છે ! વાણીના આડમ્બરને કોઈ જ્ઞાનીએ ક્યાંય મુક્તિનો ઉપાય કહ્યો નથી."

કોઈપણ વાત-માન્યતાને એમ ને એમ જ ન સ્વીકારી લેવી પરન્તુ તેને તર્કની કસોટીએ ચકાસીને જ સ્વીકારવી એવો તેમનો દૃઢ આગ્રહ છે. માત્ર પ્રાચીન છે એટલા માત્રથી જ તેની હા માં હા કરવી એ તેમને માન્ય નથી –

पुरातनैर्या नियता व्यवस्थिति-
स्तथैव सा किं परिचिन्त्य सेत्स्यति ? ।
तथेति वक्तुं मृतरूढगौरवा-
दहं न जातः प्रथयन्तु विद्विषः ॥ (६-२)

"પૂર્વના લોકોએ જે વ્યવસ્થા કરી છે તે, ઊંડો વિચાર કરતાં, આજે પણ જેમની તેમ કામ આવશે ખરી ? મૃત અને રૂઢ વ્યક્તિ-વ્યવસ્થાઓનાં ગૌરવ ખાતર હા એ હા કરવા હું જન્મ્યો નથી, વિરોધીઓ વધતા હોય તો ભલે વધે !!"

શાસ્ત્રો - પરમ્પરાઓ અને ગ્રન્થોમાં આવતી દરેક વાતને આંખ મીંચીને સ્વીકારી ન લેવી, પરન્તુ યુક્તિથી ખરી ઊતરે પછી જ સ્વીકારવી, તે તેમના વ્યક્તિત્વનું એક સબળ પાસું છે.

केवलं शास्त्रमाश्रित्य, न कर्तव्यो विनिर्णयः ।
युक्तिहीनविचारे तु, धर्महानिः प्रजायते ॥ (बृहस्पतिस्मृतिः)

"માત્ર શાસ્ત્રને જ અનુસરીને કોઈ નિર્ણય ન કરાય. કારણ કે, યુક્તિ વિનાના વિચારોને અનુસરવાથી ધર્મહાનિ થાય છે."

સ્વતન્ત્ર વિચારસરણી, ચાલુ પરમ્પરાથી જુદા પડવાનું સાહસ વગેરે તેમનાં પ્રમુખ લક્ષણો છે. સાથે જ પ્રચંડ સામર્થ્ય, ઊંડું જ્ઞાન, અગાધ શ્રદ્ધા, અનુભવ - આ બધાં પણ તેમનાં લક્ષણો છે.

ભગવાન મહાવીર સ્વામી પ્રત્યેની તેમની ઊંડી શ્રદ્ધા તેમની સ્તુતિઓમાં પ્રગટ થાય છે. ભગવાનને તેઓ કહે છે –

तिष्ठन्तु तावदतिसूक्ष्मगभीरगाधाः,
संसारसंस्थितिभिदस्तव वाक्यमुद्राः ।
पर्याप्तमेकमुपपत्तिसचेतनस्य,
रागार्चिषं शमयितुं तव रूपमेव ॥ (२-१५)

"અતિસૂક્ષ્મ, અતિગમ્ભીર તથા ભવભ્રમણનો અન્ત કરનારી તમારી વાણી તો બાજુએ રહો, તમારું માત્ર રૂપ જ સંવેદનશીલ સુજ્ઞજનના રાગ-દ્વેષની જ્વાળાઓને શાન્ત કરવા માટે પૂરતું છે."

વળી કહે છે –

न रागनिर्भर्त्सनयन्त्रमीदृशं, त्वदन्यदृग्भिश्चलितं विगाहितम् ।
यथेयमन्तःकरणोपयुक्तता, बहिश्च चित्रं कलिलासनं तपः ॥
(१-२४)

"અન્તઃકરણમાં અખંડ જાગૃતિ અને બહાર કઠિન આસન આદિ વિચિત્ર તપ - રાગને કચડી નાખતું આવું યન્ત્ર તમારા સિવાય કોઈએ ચલાવ્યું જાણ્યું નથી !!"

એક તરફ આવી શ્રદ્ધા-ભક્તિ અને ગંભીરતા તો બીજી તરફ હળવાશ પણ એટલી જ. કટાક્ષો એવા છૂટથી કરે કે વીંધાઈ જવાય –

ग्रामान्तरोपगतयो-रेकामिषसङ्गजातमत्सरयोः ।
स्यात् सख्यमपि ननु शुनोर्भ्रात्रोरपि वादिनोर्न स्यात् ॥ (८-१)

"માંસના એક જ ટુકડા પર આસક્ત હોવાથી જેમને પરસ્પર ઈર્ષ્યા-દ્વેષ થયા છે એવા જુદા જુદા ગામના બે કૂતરા વચ્ચે હજીય કદાચ મિત્રતા થઈ શકે, પણ પ્રતિસ્પર્ધી બે પંડિતોની વચ્ચે, બન્ને સગા ભાઈ હોય તો પણ, મિત્રતા શક્ય નથી."

વળી, કહે છે કે વિદ્વત્તા મેળવવી ખૂબ જરૂરી છે, પણ તેથી ય વધુ જરૂર પ્રશમગુણ કેળવવાની - ઉપશાન્ત થવાની છે.

यत्नः श्रुताच्छतगुणः शम एव कार्यः ।

“જેટલો પ્રયત્ન શ્રુતજ્ઞાન મેળવવા કરો, તેના કરતાં સો ગણો યત્ન શાન્ત-સ્વસ્થ થવા કરવો.”

બીજાને સુધારવા કરતાં પોતાનું સંભાળવું વધુ અગત્યનું છે, એવું તેઓ ભારપૂર્વક કહે છે –

स्वहितायैवोत्थेयं, को नानामतिविचेतनं लोकम् ।
यः सर्वज्ञैर्न कृतः, शक्ष्यति तं कर्तुमेकमतम् ? ॥ (८-२०)

“આપણે તો સ્વહિત સાધવા માટે જ મથવું. ભિન્ન ભિન્ન વિચારધારાઓમાં ગૂંચવાયેલા લોકોને સર્વજ્ઞ પણ એકમત ન કરી શક્યા તો બીજું કોણ કરી શકવાનું ?”

આવાં આવાં તો અઢળક રત્નો આ ખજાનામાં છે, પણ અલ્પ સમયમાં કેટલાં લેવાય ? તો, એક એક બત્રીશી - માત્ર બત્રીશ જ શ્લોક, પણ એક મહાગ્રન્થ માટેનું ચિન્તન પૂરું પાડે તેવી છે. આવી જેમની કાવ્યશક્તિ અને ચિન્તનશક્તિ છે એવા સિદ્ધસેનસૂરિજી અજ્ઞાત વેશે રાજદરબારના દ્વારે ઊભા છે. ત્યારે રાજા દ્વારપાલ પાસે શ્લોક સાંભળી ચમકી ઊઠે છે અને તેને કહે છે – ‘અરે ! જલ્દી લઈ આવ અંદર તેમને !’ દ્વારપાલ તેમને અંદર લઈ આવે છે. રાજા પહેલાં પણ તેમને મળ્યો જ છે, પરન્તુ અત્યારે ગુપ્ત વેશમાં હોવાથી ઓળખી શકતો નથી.

તેઓ ધીર-ગમ્ભીર ચાલે અંદર આવી રાજાની સામે ઊભા રહે છે અને તેની સ્તુતિ કરતાં શ્લોક બોલે છે –

अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिता कुतः ।
मार्गणौघः समायाति, गुणो याति दिगन्तरम् ? ॥

“હે રાજન્ ! તમે આ અપૂર્વ ધનુર્વિદ્યા ક્યાં શીખી, કે જેમાં માર્ગણ = બાણ આપણી તરફ આવે અને, ગુણ = પણછ બીજી દિશામાં જતી રહે છે ?”

હકીકતમાં પણછ આપણી તરફ આવે અને બાણ સામી દિશામાં જાય તેવું હોય ને ! પણ અહીં તેમણે માર્ગણ અને ગુણ શબ્દો પર શ્લેષ કર્યો છે. માર્ગણ એટલે બાણ, અને માર્ગણ એટલે માગણ-યાચક. એમ જ, ગુણ એટલે પણછ-દોરી, અને ગુણ એટલે ગુણગાન-યશોગાન. તો હવે અર્થ આ રીતે થશે કે –

"હે રાજન્ ! તમારી આ ધનુર્વિદ્યા અપૂર્વ છે કે જેમાં માર્ગણ = યાચકો દાન લેવા આપની પાસે આવે છે, અને આપના ગુણ - યશગાન દિગ-દિગન્તમાં ફેલાઈ જાય છે."

આ શ્લોક સાંભળી રાજા પૂર્વદિશામાં બેઠો હતો તે ફરીને દક્ષિણ દિશા તરફ બેસી ગયો. એટલે આચાર્ય તેની સામે જઈ ઊભા રહ્યા અને બીજો શ્લોક કહ્યો –

सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मीः करसरोरुहे ।
कीर्तिः किं कुपिता राजन् !, येन देशान्तरं गता ? ॥

"હે રાજન્ ! સરસ્વતી તમારા મુખમાં વસે છે, લક્ષ્મી કરકમળમાં વસે છે, તો કીર્તિ શું કોપાયમાન થઈ ગઈ કે દેશાન્તરમાં ચાલી ગઈ ?"

આ સાંભળી રાજા પશ્ચિમાભિમુખ ફરીને બેસી ગયો. એટલે આચાર્ય પણ એની સામે જઈ ઊભા રહ્યા અને ત્રીજો શ્લોક કહ્યો –

सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयसे बुधैः ।
नाऽरयो लेभिरे पृष्ठं, न वक्षः परयोषितः ॥

"રાજન્ ! પંડિતો આપને "સદા સર્વ વસ્તુને આપનારા" કહી બિરદાવે છે તે મિથ્યા છે. કારણ કે, તમે કદી તમારા

શત્રુઓને પીઠ નથી આપી અને કદી પરસ્ત્રીઓને તમારું વક્ષ:સ્થળ નથી આપ્યું.”

હવે રાજા ઉત્તરદિશા સમ્મુખ થઈ બેસી એટલે આચાર્યે પણ તેની સામે ગયા અને ચોથો શ્લોક બોલ્યા –

भयमेकमनेकेभ्यः, शत्रुभ्यो विधिवत् सदा ।
ददासि तच्च ते नास्ति, राजंश्चित्रमिदं महत् ! ॥

“હે રાજન્ ! કોઈપણ વ્યક્તિ પોતાની પાસે જે વસ્તુ હોય તેને જ બીજાને આપી શકે, પણ તમે તમારા અનેક શત્રુઓને વિધિપૂર્વક ભય આપો છો, અને તમારી પાસે તો તે છે જ નહિ. આ કેવી આશ્ચર્યજનક ઘટના છે !!”

આ સાંભળી રાજા ફરી પૂર્વ દિશા તરફ બેસી ગયો, અને પ્રસન્નતાથી કહે કે – ‘કવિવર ! તમારા આ ચાર શ્લોકો પર હું મારું ચારે ય દિશાનું સઘળું ય રાજ્ય ન્યોચ્છાવર કરું છું, સ્વીકારો !’. આચાર્ય કહે – ‘અમે તો અકિંચન છીએ. અમારે રાજ્યને શું કરવું ?’ રાજા કહે – ‘તો ચાર શ્લોકો બદલ ચાર કરોડ સુવર્ણમુદ્રા સ્વીકારો’ આચાર્ય કહે – ‘અમને કંઈ ન જોઈએ. આપનો સદ્ભાવ છે તે જ પર્યાપ્ત છે’ આ સાંભળી રાજા અત્યન્ત પ્રભાવિત થઈ ગયો અને આચાર્યને દરરોજ સભામાં પધારવા માટે આમન્ત્રણ આપ્યું.

આચાર્ય પણ નિયમિત રાજ્યસભામાં આવે છે અને રાજા સાથે વિદ્વદ્ગોષ્ઠી કરે છે, ધીમે ધીમે રાજાના મનમાં જૈનધર્મ પ્રત્યેનો સદ્ભાવ જગાડે છે, અને થોડા જ સમયમાં તેને પ્રતિબોધ પમાડી, જૈનધર્મનો અનુરાગી બનાવી, અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો કરાવે છે, જૈનધર્મનો મહિમા વધારે છે.

આ જોઈ, સંઘે તેમના પ્રાયશ્ચિત્તનાં પાંચ વર્ષ માફ કર્યાં અને તેમને સંઘમાં લઈ પોતાના પદે પુનઃ પ્રસ્થાપિત કર્યા. શાસનનો જબરદસ્ત ઉદ્યોત તેમણે કર્યો એટલે તેમને "દિવાકર" એવું બિરુદ મળ્યું. સિદ્ધસેનસૂરિજી હવે સિદ્ધસેન દિવાકરસૂરિજી બન્યા.

આ રીતે અદ્ભુત શાસનપ્રભાવના કરી તેઓ પોતાના પરિવાર સાથે ઉજ્જયિનીથી નીકળી ભરુચ તરફ આવવા પ્રસ્થાન કર્યું. રસ્તામાં તે સ્થળ આવ્યું જ્યાં ગોવાળોની સભામાં તેમનો વૃદ્ધવાદીજી સાથે વાદ થયેલો. આ સ્થળે તેમણે તે જ રાસ-કડીઓ તાલ સાથે ગાઈ, नवि मारियइ नवि चोरियइ० વગેરે, અને ગોવાળોને પ્રતિબોધ પમાડ્યો. ગોવાળો પણ ધર્મ પામી પ્રસન્ન થયા અને તે સ્થળે **તાલારાસક** ગામ વસાવ્યું, તથા જિનચૈત્યનું નિર્માણ કરી તેમાં શ્રીઋષભદેવની પ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ તેઓ ભરુચ પધાર્યા. ત્યાં **ધનંજય** નામે રાજાને પ્રતિબોધ્યો અને શત્રુના આક્રમણ દરમ્યાન તેને સહાય કરી. તેથી તેણે પણ જૈનશાસનનો મહિમા વધે તેવાં અનેકવિધ કાર્યો કર્યાં.

આ રીતે પોતાના જીવનકાળમાં તેમણે ત્રણ ત્રણ રાજાઓને પ્રતિબોધ પમાડી જૈનધર્માનુરાગી બનાવ્યા.

ભરુચથી વિહાર કરતાં તેઓ દક્ષિણાપથમાં પ્રતિષ્ઠાનપુર (પૈઠણ) પધાર્યા. અહીં પણ તેમણે અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યાં. અને પોતાનો અન્ત સમય જાણી, પોતાના પદે યોગ્ય શિષ્યને સ્થાપી, અનશનપૂર્વક સ્વર્ગે સંચર્યા.

તેમનાં બહેન સિદ્ધશ્રી, જેમણે પણ જૈન દીક્ષા ગ્રહણ કરી હતી અને સાધ્વી બન્યાં હતાં, તે ત્યારે ઉજ્જયિનીમાં વિચરતાં હતાં. તેમને સમાચાર આપવા માટે કોઈ દૂત દક્ષિણના સંઘે

મોકલેલ. તે તેમની પાસે આવી, આવા સમાચાર કઈ રીતે આપવા તેની દ્વિધામાં માત્ર અડધો શ્લોક બોલે છે –

स्फुरन्ति वादिखद्योताः, साम्प्रतं दक्षिणापथे ।

"દક્ષિણાપથમાં અત્યારે વાદીઓ રૂપી આગિયા ઝબૂકી રહ્યાં છે."

એ સાંભળી એમનાં બહેન સાધ્વી સમજી જાય છે અને દુઃખપૂર્વક બાકીનો અડધો શ્લોક પૂરો કરે છે –

नूनमस्तङ्गतो वादी, सिद्धसेनो दिवाकरः ॥

"ખરેખર સૂર્ય જેવા તેજસ્વી સિદ્ધસેન નામના વાદી આથમી ગયા લાગે છે"

અને પોતે પણ અનશન કરી સ્વર્ગે સિધાવ્યાં.

તો, આ રીતે એમણે પોતાના જીવનમાં ૩ રાજાઓને પ્રતિબોધ પમાડ્યો, અદ્ભુત શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યાં, જૈનદર્શનમાં તર્કપરમ્પરાનો પાયો નાખ્યો, દર્શનપ્રભાવક મહાન ગ્રન્થનું સર્જન કર્યું, અદ્ભુત કાવ્યશક્તિનો પરિચય આપ્યો અને પોતાની પ્રચંડ પ્રતિભાની ઝાંખી કરાવી શ્રુતકેવલી એવું બિરુદ સાર્થક કર્યું. તેમનું બહુ થોડું જ સાહિત્ય આપણા સુધી પહોંચ્યું છે, બીજું ઘણું તો કાળના પ્રવાહમાં વિલીન થઈ ગયું. છતાં જે છે તે પણ આપણા માટે અઢળક ખજાના-તુલ્ય છે. આવી અપૂર્વ-અનુપમ-પ્રચંડ પ્રતિભાના સ્વામી એવા શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીને શત શત પ્રણામ કરી વિરમીએ.

## શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળાનાં પ્રકાશનો

- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૧
  - ૧. શ્રીહરિભદ્રસૂરીશ્વરજીની સાહિત્ય-પ્રસાદી
  - ૨. શ્રીહેમચન્દ્રાચાર્યની સાહિત્ય-પ્રસાદી
  - ૩. સોમસુંદરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૪. હીરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૫. ઉપાધ્યાયજીની સાહિત્ય-પ્રસાદી
  - ૬. શાસનસમ્રાટ અને તેમના શિષ્યોની સાહિત્ય-પ્રસાદી
- આદર્શ ગચ્છ આદર્શ ગચ્છનાયક
- જયવંતું જિનશાસન
- शासनसम्राट् भवन की पुनित यादें
- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૨
  - ૧. સિદ્ધસેન દિવાકરસૂરિ જીવન અને સાહિત્ય સર્જન
  - ૨. વૈરાગ્યરસના ઉદ્‌ગાતા શ્રીસિદ્ધર્ષિ ગણિ
  - ૩. જીવદયા જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય
  - ૪. વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો
  - ૫. સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

KIRIT GRAPHICS
09898490091